॥ શ્રી હરિઃ ॥

આશૌચ દર્પણ

(સૂતક નિર્ણય)

● પ્રકાશક ●
શ્રીવલ્લભ સેવા પ્રચાર કેન્દ્ર, પાટણ
© સર્વ હક્ક પ્રકાશનને સ્વાધીન

● સંકલન કર્તા ●
ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

● પ્રાપ્તિ સ્થાન ●
જિતેન્દ્રભાઈ રમણિકલાલ પરીખ
૩૯, શિવકૃપા સોસાયટી, ડીસા રોડ,
આર. એમ. પેટ્રોલ પંપની બાજુમાં, પાટણ - ૩૮૪૨૬૫.
ફોન : (૦૨૭૬૬) ૨૨૦૮૪૩ (સવાર/સાંજ ૭ થી ૯)

॥ શ્રી હરિઃ ॥

આશૌચ દર્પણ

(સૂતક નિર્ણય)

● પ્રકાશક ●

શ્રીવલ્લભ સેવા પ્રચાર કેન્દ્ર, પાટણ

© સર્વ હક્ક પ્રકાશનને સ્વાધીન

● સંકલન કર્તા ●

ભાઈલાલભાઈ શં. શેઠ (મોડાસા)

સંવત ૨૦૭૧	પ્રકાશન સહાય	પુનઃ આવૃત્તિ
કારતક સુદ-૧	રૂ. ૧૨-૦૦	૫૦૦ પ્રત

● પ્રાપ્તિ સ્થાન ●

જિતેન્દ્રભાઈ રમણિકલાલ પરીખ
૩૯, શિવકૃપા સોસાયટી, ડીસા રોડ,
આર. એમ. પેટ્રોલ પંપની બાજુમાં, પાટણ - ૩૮૪૨૬૫.
ફોન : (૦૨૭૬૬) ૨૨૦૮૪૩ (સવાર/સાંજ ૭ થી ૯)

શુભેચ્છા સહ......

ના ભગવદ્ સ્મરણ સહ જયશ્રી કૃષ્ણ

● મુદ્રણ સ્થાન ●

ગણેશ પ્રિન્ટર્સ - દરિયાપુર, અમદાવાદ.

આ પુસ્તિકામાં ક્ષતિ તેમજ ભૂલ જણાય તો સુધારીને
વાંચવી અને અમારી જાણમાં લાવવી. - પ્રકાશક

• શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર, પાટણ •

[પુષ્ટિમાર્ગીય પ્રચાર-પ્રસાર માટે - વૈષ્ણવોની સહાયથી
શ્રીવલ્લભ-વિચાર-ધારા આધારિત પુષ્ટિ સાહિત્ય પ્રગટ કરતી સંસ્થા]

આ સંસ્થાના પ્રેરક : શ્રીજીબાવા

પથ દર્શક : શ્રી વલ્લભ
કૃપા : શ્રી યમુનાજી
કાર્ય શક્તિ : પુષ્ટિ સેવા-પ્રચારની ભાવના
સહાય : વલ્લભીય વૈષ્ણવો દ્વારા

શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર - પાટણ દ્વારા વિવિધ નામી-અનામી વૈષ્ણવોની તનુ-વિત્તજા સેવાથી સ્વમાર્ગીય સિદ્ધાંતોની સરળ સમજ આપતા નાના-મોટા ૩૦ પ્રકાશનો અત્યાર સુધીમાં પ્રગટ થયા છે. આ પ્રકાશન-કાર્યને વૈષ્ણવોની ઈચ્છા અનુસાર નયનરમ્ય અને રસભોગ્ય બનાવી કાયમી ઉપલબ્ધ બની રહે એ શુભ આશય સાથે પુનઃપ્રકાશનની નામસેવાને ગતિશીલ રાખવા નીચે મુજબ આયોજન કર્યું છે.

(આ પ્રવૃત્તિ સ્વૈચ્છિક-સમય અનુકૂળતા મુજબ થાય છે.)

₹ ૨,૦૦૦/- ભેટ-દ્રવ્ય સહાય આપનારના પુનઃ છપાતા ગમે તે એક પુસ્તકમાં ભગવદ્ સ્મરણ / જયશ્રી કૃષ્ણ છાપશું.
= ₹ ૫૦૦/-નો પુસ્તકોનો સેટ ભેટ મળશે. =

₹ ૧,૦૦૦/- ભેટ-દ્રવ્ય સહાય આપનારના શુભેચ્છક તરીકે જયશ્રી કૃષ્ણ છાપશું.
= યથા શક્તિ દ્રવ્ય સહાય સ્વીકાર્ય છે. =

જે પુસ્તિકામાં ભગવદ્ સ્મરણ / જયશ્રી કૃષ્ણ છાપશું તે પુસ્તિકાની પ્રત-૨ ભેટ સ્વરૂપે મોકલી આપશું.

વર્ષ દરમ્યાન પુનઃ પ્રકાશિત થતા પુસ્તકોમાં જયશ્રી કૃષ્ણ / ભગવદ્ સ્મરણ રૂપે વૈષ્ણવ સૃષ્ટિમાં પહોંચાડીશું.

શ્રીવલ્લભ કૃપાથી પ્રાપ્ત થયેલ આપની શુભ લક્ષ્મીનો વિનિયોગ શ્રી વલ્લભની જ નામસેવામાં કરાવી-પુષ્ટિ સંસ્કાર સિંચન કરવાની અમારી પ્રવૃત્તિના પોષક બનશો એવી અપેક્ષા - નમ્ર વિનંતી સાથે સૌને સપ્રેમ જયશ્રી કૃષ્ણ.

વિશેષ માહિતી માટે જવાબી પત્રવ્યવહાર કરવો તથા રકમ મનીઓર્ડર / બેંક ડ્રાફ્ટથી નીચેના નામે-સરનામે મોકલવા વિનંતી છે.

જિતેન્દ્રભાઈ રમણીકલાલ પરીખ
૩૯, શિવકૃપા સોસાયટી,
આર. એમ. પેટ્રોલ પંપની બાજુમાં,
ડીસા રોડ, પાટણ (ઉ. ગુજરાત) ૩૮૪૨૬૫.

આશૌચ દર્પણ

(સૂતક નિર્ણય)

શૌચાચાર વિહીનસ્ય આસુરાવેશ સંભવાત્ ।
તતઃ સ્વાહ્નિકં ધર્માણાં આચારોડપિ પ્રસજ્યતે ॥
- શ્રી ગોપીનાથ પ્રભુચરણ કૃત સાધન દીપિકા-૧૯.

જે મનુષ્ય શુધ્ધિ આદિ આચારોનું પાલન કરતો નથી તેના દેહ-ઈન્દ્રિયાદિમાં આસુરાવેશનો પ્રવેશ થવાનો સંભવ રહે છે. આથી સૌએ પોતાના નિત્ય વર્ણાશ્રમાદિ ધર્મોનું સદા આચરણ કરવું.

સર્વાગમાનાચાર : પ્રથમં પરિકલ્પતે ।
આચાર પ્રભવો ધર્મો ધર્મસ્ય પ્રભુરચ્યુત : ॥
- મહાભારતઃ અનુશાસનપર્વ

સર્વ શાસ્ત્રોમાં આચાર પ્રથમ માનવામાં આવ્યો છે. આચારથી ધર્મ ઉદ્ભવે છે અને ધર્મના સ્વામી ભગવાન શ્રી કૃષ્ણ છે.

શૌચ એટલે શુધ્ધિ-પવિત્રતા અને આશૌચ એટલે અશુધ્ધિ-અપવિત્રતા. શુધ્ધિ બે પ્રકારની છે : બાહ્ય શુધ્ધિ અને આંતરશુધ્ધિ. જળ, માટી, વગેરેથી શરીર, વસ્ત્ર, પાત્ર, ઘર વગેરેને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શુધ્ધ રાખવાં એ બાહ્ય શુધ્ધિ છે. શાસ્ત્રોક્ત ધર્મોનું નિત્ય આચરણ તથા મન-વચન-કર્મથી સૌની સાથે યથાયોગ્ય વ્યવહાર એ આંતરશુધ્ધિ-અંતઃકરણની પવિત્રતા છે. અનાચારથી દેહ અશુધ્ધ-અપવિત્ર થાય છે અને દુરાચારથી અંતઃકરણ અશુધ્ધ-અપવિત્ર થાય છે. અનાચાર બહારનો ધર્મ છે અને દુરાચાર અંદરનો ધર્મ છે. બંનેની શુધ્ધિ વિના સદાચાર સંભવિત નથી.

શૌચ-પવિત્રતા-આચાર રહિત સઘળી ક્રિયાઓ નિષ્ફળ છે.

(દક્ષ સ્મૃતિ : ૫-૨)

ધર્મના બે અંગ છે : આચાર અને વિચાર. જો વિચાર સાથે આચાર સુસંગત હોય તો જ ધર્મ પૂર્ણ કહેવાય છે. જેના આચાર અને આહાર શુધ્ધ છે તેના વિચારો અને આચરણ પણ શુધ્ધ જ રહે છે.

શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી દ્વારા પ્રગટિત પુષ્ટિમાર્ગમાં શરણે આવનાર પ્રત્યેક વૈષ્ણવને આચાર-વિચારની સાચી સમજ હોવી અતિ આવશ્યક છે. શાસ્ત્રીય આચાર-વિચારનું પાલન એ તો વૈષ્ણવતાનો શણગાર છે. વૈષ્ણવ કુટુંબમાં જન્મ લીધો અને કંઠી પહેરી એટલે પુષ્ટિમાર્ગીય સ્વધર્મો આવી ગયા છે અને વર્ણાશ્રમના ધર્મોનું પાલન કરવાની કોઈ જરૂર નથી એવા ખોટા ભ્રમમાં કદાપિ મહાલવું નહિ. ગાયને 'તું ગાય બન' કે ગધેડાને 'તું ગધેડું બન' એમ કદાપિ કહેવામાં આવતું નથી. પરંતુ મનુષ્ય તરીકે આપણે જન્મેલ હોવા છતાં 'સાચા માનવી બનો, માનવતા રાખો' વગેરે વચનોથી વારંવાર આપણને ટકોર કરવામાં આવે છે, કારણકે મનુષ્ય તરીકે જન્મ્યા હોવા છતાં આપણામાં હજુ માનવધર્મો આવ્યા નથી. આથી શાસ્ત્રોમાં કહેલા વર્ણાશ્રમ ધર્મોનું યથાધિકાર આચરણ, સત્ય-અહિંસા-પરોપકાર-નીતિપરાયણતા વગેરે માનવધર્મોની પ્રથમ અનિવાર્યતા છે. **માનવધર્મોના આચરણની સીડીના પ્રથમ પગથિયે પગ મૂકીને જ આપણે પુષ્ટિધર્મોની સીડીએ ક્રમશઃ આગળ વધવાનું છે.**

વર્તમાન કલિકાલમાં આધુનિક સમાજને પોતાની પ્રાચીન કુળપરંપરા, ગોત્ર તેમજ દૈહિક સંબંધોની જાણકારી પ્રાયઃ અલ્પ પ્રમાણમાં રહી ગઈ છે તથા દિનપ્રતિદિન તેમાં શિથિલતા-ઉદાસીનતા આવતી જોવા મળે છે. સંયુક્ત પરિવાર તૂટતા જાય છે. અને વિભક્ત પરિવાર સાથે દેહસંબંધોની ઉપેક્ષા વધતી જાય છે. ક્યારેક આપણા કુટુંબીજનોને ઓળખતા ન હોઈએ, ક્યારે જોયા પણ ન હોય, જન્મપ્રસંગે-હર્ષ અને મરણપ્રસંગે લૌકિક શોક-દુઃખની લાગણી પણ ન થતી હોય તો શા માટે અશુભ પ્રસંગોએ સ્નાનાદિ કરવું જોઈએ ? સૂતક શા માટે પાળવા જોઈએ ? આવા તર્ક-વિતર્કો પાશ્ચાત્ય સંસર્ગથી દુઃષિત થયેલી અને સ્વધર્મના સાચા જ્ઞાનથી વિમુખ થયેલી આપણી વર્તમાન યુવાપેઢી કરતી હોય છે. પરંતુ કાર્ય (શું કરવું તે સંબંધમાં) અને અકાર્ય (શું ન કરવું તે સંબંધમાં) વિશે ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે જ અર્જુન પ્રતિ આજ્ઞા કરતાં કહે છે કે -

તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમિહાર્હસિ ॥

(હે અર્જુન ! તારે શું કાર્ય કરવું અને શું કાર્ય ન કરવું તે વ્યવસ્થા સંબંધી નિર્ણયમાં શાસ્ત્ર જ પ્રમાણ છે. શાસ્ત્રમાં કહેલ વિધિ-વિધાન જાણીને કર્મ કરવું યોગ્ય છે)

(ગીતા : ૧૬-૨૪)

ભગવાન શ્રીકૃષ્ણ અહીં શાસ્ત્રની મુખ્યતા કહે છે પરંતુ ચાલી આવતી પરંપરા અને પ્રચલિત બની ગયેલ રૂઢિ કે મનકલ્પિત આચારોને પ્રમાણ કહેતા નથી. શાસ્ત્રોક્ત આચારો છોડીને અને કપોળકલ્પિત રૂઢિઓ પ્રમાણે વર્તવાથી શું પરિણામ આવે છે તે પણ ભગવાન શ્રીકૃષ્ણ સ્વમુખે જ અર્જુન પ્રતિ કહે છે કે -

યઃ શાસ્ત્રવિધિમૃત્સૃજ્ય વર્તતે કામકારત : ।
ન સ સિધ્ધિમવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ।

(જે મનુષ્ય શાસ્ત્રવિધિ છોડીને પોતાની ઈચ્છા પ્રમાણે મનમાન્યું આચરણ કરે છે તેને સિદ્ધિ (સફળતા) મળતી નથી તથા સુખ કે પરમગતિ પણ પ્રાપ્ત થતી નથી.)

(ગીતા : ૧૬-૨૩)

આથી આપણા શાસ્ત્રોનો આદર-ગૌરવ જાળવવા, શ્રુતિ-સ્મૃતિરૂપે ભગવદ્ આજ્ઞા પ્રમાણરૂપ હોવાથી તથા જીવ જન્મથી જ ભગવાનનો સહજ દાસ હોવાથી, જ્યાં સુધી દેહાધ્યાસ-દેહાનુસંધાન છે ત્યાં સુધી વર્ણાશ્રમના આચારાદિ ધર્મો જ આપણા માટે મુખ્ય છે અને તેનું અવશ્ય પાલન-આચરણ કરવું જોઈએ. આ સંબંધમાં વાક્પતિ શ્રીવલ્લભાધીશના શ્રીસુબોધિનીજી ૩-૨૮-૨ માંના નીચેના વચનો સદા સ્મરણીય છે :-

''જ્યાંસુધી આ દેહ છે અર્થાત્ આપણે આ દેહને જ આત્મારૂપે સમજીએ છીએ, પોતાને સ્ત્રી-પુરૂષ, વાણિયો-બ્રાહ્મણ, સુદંર-બેડોળ, જાડો-પાતળો વગેરે રૂપે સમજી રહ્યા છીએ ત્યાં સુધી તો વર્ણાશ્રમના ધર્મો જ સ્વધર્મો છે તથા ભગવદ્ધર્મો આપણા માટે વિધર્મ કે પરધર્મો છે. પરંતુ જ્યારે આ દેહ-ઈન્દ્રિય વગેરે સંઘાતથી જુદો જીવ હોવાની વાત આપણા હૃદયમાં બરાબર નિરૂઢ થઈ જાય છે ત્યારે ભગવાનનું દાસ્ય એ જ સ્વધર્મ બને છે. તેનાથી

આગળ વધીને જ્યારે ભગવદ્ ભાવ પ્રાપ્ત થઈ જાય છે ત્યારે ૠષભદેવજીના ગોચર્યાદિરૂપ જેવા અલૌકિક ધર્મો સ્વધર્મો બને છે અને બાકીના બીજા બધા પરધર્મો બને છે.''

પરંતુ હવે પછીના કરાલ કલિકાલમાં અપસિદ્ધાંતો અને મનકલ્પિત આચારોનું ઘોડાપૂર વધવાનું છે એમ ભગવદ્ વદનાનલાવતાર વૈશ્વાનર શ્રીમહાપ્રભુ જાણતા હતા. આથી આપના કૃપાપાત્ર અને પરમ ભગવદીય કુંભનદાસજી પ્રતિ ભવિષ્યકથન કરતાં અને ભાવિ સેવકસૃષ્ટિને સાવધાન કરતાં આપે આજ્ઞા કરી હતી કે ''કુંભનદાસ ! જેના ઉપર શ્રી ગોવર્ધનનાથજીની કૃપા હશે તે જ આ કલિકાલમાં પૂછશે અને કરશે. તમારા જેવા ભગવદીય જ પૂછશે અને આચરણ કરશે. આગળ સમય મહા કઠિન આવશે. કોઈ પૂછશે નહિ, કોઈ કહેશે નહિ અને કોઈ આચરશે પણ નહિ.'' (૮૪ વૈષ્ણવ વાર્તા ક્રમાંક-૮૩/પ્રસંગ ૧૩) શ્રીમહાપ્રભુજીના આ અલૌકિક વચનો સાંપ્રત સમયમાં અક્ષરશઃ સત્ય પ્રતીત થઈ રહેલા અનુભવાય છે.

ધર્માચરણના આગ્રહી પુરુષે અધર્મની પાંચ શાખાઓનો અવશ્ય ત્યાગ કરવો. અધર્મની આ પાંચ શાખાઓ છે :-

(૧) વિધર્મ - સ્વધર્મથી વિમુખ.
(૨) પરધર્મ - પારકા માટેનો ધર્મ.
(૩) આભાસ - શાસ્ત્ર વિધાન વગરનું પરંતુ ધાર્મિક આભાસ ઉત્પન્ન કરનારું.
(૪) ઉપમા - લાભપૂજાર્થે પાખંડપૂર્વક ધર્માચરણ.
(૫) છલ - શાસ્ત્ર-શબ્દોના મનકલ્પિત અર્થ કરવા.

જ્યાં સુધી દેહાભિમાન હોય અર્થાત્ આ નાશવંત દેહને જ અમર માનીને અતિ કાળજીપૂર્વક સાચવતા હોઈએ ત્યાં સુધી તો વર્ણાશ્રમાદિ ધર્મોમાં જ આપણો અધિકાર છે, અને યથાશક્તિ સંકોચ કે લજ્જાનો ત્યાગ કરીને અવશ્ય ધર્માચરણ કરવું જોઈએ તથા વિધર્મોથી સદા દૂર રહેવું જોઈએ. આ સંબંધમાં સ્વયં શ્રીમહાપ્રભુજી નિબંધમાં આજ્ઞા કરે છે કે -

સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચનિવર્તનમ્ ।
ઈન્દ્રિયાશ્વ વિનિગ્રાહ : સર્વથા ન ત્યજેત્ ત્રયમ્ ॥
(સર્વનિર્ણય નિબંધ-કારિકા ૨૩૮)

અર્થાત સ્વધર્મોનું શક્તિ અનુસાર આચરણ કરવું, વિધર્મોમાંથી નિવૃત થવું અને ઈન્દ્રિયોરૂપી અશ્વોને સારી રીતે સંયમમાં રાખવા - આ ત્રણેનો સર્વથા ત્યાગ કરવો નહિ.

આ સર્વ શાસ્ત્રોક્ત ધર્મ-આચારો ભગવદ્ સેવાના અંગરૂપ છે અને ભક્તિમાર્ગમાં ઉપકારક છે. શાસ્ત્રોક્ત ધર્મપાલન ભગવાનમાં પ્રીતિ વધે તે માટે છે. બોજાથી, બળતરાથી, જડતાથી, દેખાદેખી અથવા ધાર્મિક દંભ-આડંબર માટે શાસ્ત્રીય આચારોનું પાલન કરવું એ નરી આત્મવંચના જ છે અને અંતે બર્હિમુખતા જ ઉત્પન્ન કરે છે. ભગવદ્સેવા માટે આચાર અનિવાર્ય છે, આચાર માટે ભગવાન કે ભગવદ્સેવા નથી. આચારથી બાહ્ય શુદ્ધિ થાય છે, જે આંતરશુદ્ધિમાં ઉપકારક બને છે. શ્રીકૃષ્ણ સેવાને મુખ્ય ગણીને જ, તેને સાનુકુળ બનીને ઉપકારક ધર્મ-આચારોનું અવશ્ય આચરણ કરવું જોઈએ તથા અનાચારનો ત્યાગ કરવો જોઈએ. એમાં જ પ્રભુ પ્રસન્નતા રહેલી છે. આચાર-વિચારના સુમેળથી જ જીવન ધન્ય બને છે.

ભગવાનની વિશેષ આજ્ઞાથી મેહા ઢીમરની સ્ત્રી (૨૫૨ વૈ.વાર્તા-૧૩૬) એ પ્રસૂતિમાં તથા એક ભગવદીયા વૈશ્યા સ્ત્રી (૮૪ વૈ.વાર્તા-૯) એ રજસ્વલામાં પણ ભગવદ્ સેવા કર્યાના દૃષ્ટાંતો વાર્તા-સાહિત્યમાં મળે છે. પરંતુ આ મહાન ભગવદીયોએ આ બધું આચરણ ભગવદ્ આજ્ઞા થયા પછી જ કરેલ છે, તથા આજ્ઞાપાલન કર્યા પછી અપરસ કાઢીને શુદ્ધિ પણ કરી છે. આ મહાન ભગવદીયોએ મનકલ્પિત પ્રકારે કંઈપણ લૌકિક અથવા અલૌકિક કાર્ય ક્યારે પણ કર્યું નથી. આથી વર્તમાન કલિકાલના આપણા જેવા આધુનિક પામર જીવોએ આ મહાન ભગવદીયોના ચરિત્રનું આંધળું અનુકરણ કદાપિ કરવું નહિ, અન્યથા ધર્મમાર્ગેથી પતન થવાનો પૂર્ણ સંભવ છે.

આમ આ બધા શાસ્ત્રોક્ત ધર્મ-આચારો પ્રભુપ્રીતિ અને પ્રસન્નતા માટે અનિવાર્ય છે અને આત્મીય થવામાં ઉપયોગી છે. યથાધિકાર શાસ્ત્રોક્ત માર્ગે ચાલવામાં જ આપણા સૌનું હિત સમાયેલું છે. ગમે તેમ કૂદાકૂદ તો ખુલ્લા મેદાનમાં થઈ શકે, રાજમાર્ગ પર નહિ. શ્રી મહાપ્રભુજી દ્વારા પ્રગટિત પુષ્ટિમાર્ગ તેના યોગ્ય અધિકારી દૈવીજીવો માટે ભગવદ્ પ્રાપ્તિનો રાજમાર્ગ છે. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અનુસાર સ્વમાર્ગીય મર્યાદામાં રહીને જ જીવનયાપન કરવાથી આપણું આધિદૈવિક હિત સધાય તેમ છે.

''શાસ્ત્રોક્ત રીતે જ બધા ધર્મો યથાર્થ રીતે આચરવા જોઈએ. આમ છતાં જો ભગવદ્સ્વરૂપ, લીલા, કથા કે સેવામાં પ્રીતિ ન થાય તો સઘળું ધર્માચરણ વ્યર્થ જ છે.''

(શ્રીમદ્ ભાગવત : ૧-૨-૮)

આશૌચ

આપણા ધર્મશાસ્ત્રોમાં બે પ્રકારના આશૌચ (સૂતક) વર્ણવામાં આવ્યા છે.

(૧) જનનાશૌચ :

બોલચાલની ભાષામાં જન્મસૂતક, વૃધ્ધિસૂતક, વર્ધી, પિંડરૂ વગેરે નામથી ઓળખાય છે.

(૨) મૃતાશૌચ :

બોલચાલની ભાષામાં મૃત્યુસૂતક, મરણસૂતક અથવા માત્ર 'સૂતક' નામથી ઓળખાય છે.

સૂતક કોને લાગે ?

મૂળપુરુષથી આરંભીને સાત પેઢી સુધી **સપિંડ** કહેવાય છે.

આઠથી ચૌદ પેઢી સુધી **સમાનોદક** કહેવાય છે.

પંદરથી એકવીસ પેઢી સુધી **સગોત્ર** કહેવાય છે.

સપિંડને જન્મસૂતક તથા મરણસૂતક **પૂરેપૂરું (સંપૂર્ણ)** લાગે છે.

સમાનોદકને જન્મસૂતક તથા મરણસૂતક **ત્રણરાત્રિનું** લાગે છે.

સગોત્રને જન્મસૂતક તથા મરણસૂતક **એકરાત્રિનું** લાગે છે.

વિશેષમાં **સૂતક ચાર પ્રકારે** પાળવામાં આવે છે :

(૧) સંપૂર્ણ
(૨) ત્રણ રાત્રિ
(૩) પક્ષિણી
(૪) એક રાત્રિ

(૧) સંપૂર્ણ સૂતક :

બ્રાહ્મણને દસ રાત્રિ, ક્ષત્રિયને બાર રાત્રિ, વૈશ્યને પંદર રાત્રિ અને શુદ્રને એક માસનું સૂતક લાગે છે. - આ સંપૂર્ણ સૂતક કહેવાય છે.

(મનુસ્મૃતિ : ૫-૮૩)

(૨) ત્રણ રાત્રિનું સૂતક :

ત્રણ રાત્રિના સૂતકમાં ચોથા દિવસે શુદ્ધિ થાય છે.

(૩) પક્ષિણી સૂતક :

જો **દિવસે મરણ** થયું હોય તો તે સંપૂર્ણ દિવસ, તે દિવસની સંપૂર્ણ રાત્રિ અને બીજો સંપૂર્ણ દિવસ (દિવસ-રાત્રિ-દિવસ) - એમ પક્ષિણી સૂતક ગણાય છે. બીજા દિવસે રાત્રે તારા દર્શન કર્યા પછી શુદ્ધિ થાય છે,

જો **રાત્રિએ મરણ** થયું હોય તો તે સંપૂર્ણ રાત્રિ, બીજો સંપૂર્ણ દિવસ અને બીજા દિવસની સંપૂર્ણ રાત્રિ (રાત્રિ-દિવસ-રાત્રિ) - એમ પક્ષિણી સૂતક ગણાય છે. અને ત્રીજા દિવસે સૂર્યદર્શન કર્યા પછી શુદ્ધિ થાય છે.

(૪) એક રાત્રિનું સૂતક :

એક રાત્રિના સૂતકમાં બીજા દિવસે શુદ્ધિ થાય છે. અગ્નિસંસ્કાર કર્યા પછી જ રાત્રિ ગણવી.

સૂતકની શરૂઆત ક્યારે ?

જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) ની શરૂઆત જન્મ સમયથી થાય છે મરણસૂતકની શરૂઆત સામાન્ય રીતે મૃત્યુસમયથી થાય છે, ભલે પછી અગ્નિસંસ્કાર ગમે તે દિવસે અથવા સમયે કર્યો હોય.

અગ્નિહોત્રી બ્રાહ્મણ હોય તો તેના માટે અગ્નિસંસ્કાર થાય તે દિવસથી જ મરણસૂતકની શરૂઆત થાય છે.

જન્મ અથવા મરણ દિવસે થાય તો તે દિવસથીજ સૂતકની શરૂઆત ગણવી. પરંતુ રાત્રિએ જન્મ અથવા મરણ થાય ત્યારે નીચે મુજબ સૂતકની શરૂઆત ગણવી :-

રાત્રિમાન (સાંજના સૂર્યાસ્તથી લઈ બીજા દિવસના સૂર્યોદય સુધીનો સમય-કુલ કલાક) ના ત્રણ સરખા ભાગ કરવા. પહેલા બે ભાગમાં મરણ થયું હોય તો પહેલાનાં/આગલા દિવસથી સૂતકની શરૂઆત ગણવી પરંતુ રાત્રિના ત્રીજા ભાગમાં જન્મ અથવા મરણ થાય તો બીજા દિવસથી સૂતકની શરૂઆત ગણવી.

બંધુત્રય :- શાસ્ત્રમાં દેહસંબંધી ત્રણ પ્રકારના બંધુઓ વર્ણવેલા છે.

(૧) આત્મબંધુ :

પોતાના ભાઈઓ, પોતાની ફોઈના દીકરા, પોતાની માસીના દીકરા અને પોતાના મામાના દીકરા.

(૨) પિતૃબંધુ :

પિતાના ભાઈઓ, પિતાની ફોઈના દીકરા, પિતાની માસીના દીકરા અને પિતાના મામાના દીકરા.

(૩) માતૃબંધુ :

માતાના ભાઈઓ, માતાની ફોઈના દીકરા, માતાની માસીના દીકરા અને માતાના મામાના દીકરા.

આ બંધુત્રય (ત્રણ પ્રકારના બાંધવો) માંથી કોઈનું પણ મરણ થાય તો પક્ષિણી સૂતક લાગે છે.

ફોઈની દીકરી, માસીની દીકરી અને મામાની દીકરી જો પરિણીત હોય તો તેનું સૂતક એક રાત્રિનું લાગે છે પરંતુ જો અપરિણીત હોય તો પક્ષિણી સૂતક લાગે છે.

જનનાશૌચ (જન્મસૂતક/વૃધ્ધિસૂતક/વર્ધી/પિંડરૂ)

મહર્ષિ પરાશરના મતાનુસાર :

એકથી ચાર માસ સુધી **ગર્ભસ્ત્રાવ** કહેવાય છે.

પાંચમા - છઠ્ઠા માસે **ગર્ભપાત** કહેવાય છે.

સાત માસ પછી **પ્રસવ**(જન્મ) કહેવાય છે.

(૧) (અ) પ્રથમ **ત્રણ માસ દરમિયાન ગર્ભસ્ત્રાવ** થાય તો માતાને ત્રણ રાત્રિનું અને **ચોથા માસે** ગર્ભસ્ત્રાવ થાય તો ચાર રાત્રિનું સૂતક માતાને લાગે છે. સપિંડો (સાત પેઢી સુધી) ને સ્નાનથી શુદ્ધિ થાય છે.

(બ) ગર્ભપાત**માં** માસની સંખ્યા અનુસાર અર્થાત્ પાંચ માસે ગર્ભપાત થાય તો પાંચ રાત્રિનું અને છ માસે ગર્ભપાત થાય તો છ રાત્રિનું સૂતક માતાને લાગે છે. સપિંડો (સાત પેઢી સુધી) ને ત્રણ રાત્રિનું સૂતક લાગે છે.

(ક) બાળક (પુત્ર કે કન્યા) નો જન્મ/પ્રસવ થયા પછી માતા-પિતાને તેમજ સપિંડો (સાત પેઢી સુધી) ને જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) સંપૂર્ણ લાગે છે.

જન્મ થયા પછી સમાનોદક (આઠથી ચૌદ પેઢી સુધી) ને ત્રણ રાત્રિનું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) લાગે છે.

જન્મ થયા પછી સગોત્ર (પંદરથી એકવીસ પેઢી સુધી) ને સ્નાન માત્રથી શુદ્ધિ થાય છે.

(૨) પુત્રજન્મ સાંભળતાં પિતાએ સવસ્ત્ર સ્નાન કરવું પડે છે. પુત્રનું મુખ જોયા પછી પણ પિતાએ ફરીવાર સવસ્ત્ર સ્નાન કરવું પડે છે. સ્નાન ન કરનાર પિતા અસ્પૃશ્ય ગણાય છે.

(૩) પુત્રીજન્મમાં સ્નાન કરવાની આવશ્યકતા નથી.

(૪) પુત્રજન્મમાં પ્રસૂતા સ્ત્રી (માતા) ને એક માસ સુધી અશુદ્ધિ ગણાય છે. એકત્રીસમા દિવસે ઉપવાસ કરી શુદ્ધ થાય છે.

(૫) પુત્રીજન્મમાં પ્રસૂતા સ્ત્રી (માતા) ને ચાલીસ દિવસ સુધી અશુદ્ધિ ગણાય છે. એકતાલીસમા દિવસે ઉપવાસ કરી શુદ્ધ થાય છે.

(૬) પરણેલી પુત્રી તેના સાસરે બાળકને જન્મ આપે તો શ્વસુરપક્ષમાં જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) લાગે છે, પિયરપક્ષમાં જન્મસૂતક લાગતું નથી.

(૭) પરણેલી પુત્રી પોતાના પિયરમાં બાળકને જન્મ આપે તો પુત્રીના માતા-પિતાને ત્રણ રાત્રિનું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) લાગે છે.

(૮) મૃતબાળક અર્થાત્ બાળક મરેલું જન્મે તોપણ જન્મના દિવસથી સંપૂર્ણ જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) લાગે છે પરંતુ મરણસૂતક લાગતું નથી.

(૯) બાળકનો જન્મ થયા પછી, જન્મસૂતક(વર્ધી/પિંડરૂ) દરમિયાન જો બાળક મરણ પામે તો તેના માતા-પિતા તથા સંપિડો (સાત પેઢી સુધી) ને સંપૂર્ણ જન્મ સૂતક (વર્ધી/પિંડરૂ) લાગે છે, પરંતુ મરણસૂતક લાગતું નથી.

આશૌચ (સૂતક) નો સમય વીતી ગયા પછી જો સાંભળવામાં આવે તો તેને "અતિક્રાંત આશૌચ" કહે છે.

જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) નો સમય પૂરો થઈ ગયા પછી બાળકના જન્મ સંબંધી સાંભળવામાં આવે તો પિતાને માત્ર સ્નાન કરવું પડે છે સપિંડ-સમાનોદક

અને સગોત્રને નહિ.

એક આશૌચ (સૂતક) માં બીજું આશૌચ (સૂતક) આવી પડે તો તેને ''સન્નિપાત આશૌચ'' કહે છે.

કોઈ એક બાળકના જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) દરમિયાન જ બીજા કોઈ એક બાળકનું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) આવી પડે તો પ્રથમનું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) પૂરું થતાં જ બીજું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) પણ સાથે જ ઊતરી જાય છે. (તેને પૂર્વશેષ કહે છે.)

મરણસૂતકમાં જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) આવી પડે તો સાથે જ ઊતરી જાય છે પરંતુ જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) માં મરણસૂતક આવી પડે તો તે સાથે ઊતરતું નથી.

******

મૃતાશૌચ (મૃત્યુ સૂતક / મરણસૂતક / સૂતક)

(૧) સગોત્ર મૃતાશૌચ :

મૃત્યુનો પ્રકાર	કોનું મરણ	કોને સૂતક લાગે	કેટલું પાળવું પડે
(૧) નાલચ્છેદન પહેલાં મરણ	બાળકનું	સપિંડોને (સાતપેઢી સુધી)	ત્રણ રાત્રિનું સૂતક
(૨) નાલચ્છેદન પછી મરણ	બાળકનું	સપિંડોને	સંપૂર્ણ સૂતક
(૩) દસ દિવસ પછી પરંતુ નામકરણ પહેલાં મરણ	બાળકનું	સપિંડોને	ભૂમિદાહ (દાટવું) કરવો. સવસ્ત્ર સ્નાન
(૪) નામકરણ પછી પરંતુ દાંત આવ્યા પહેલાં મરણ	બાળકનું	સપિંડોને	ભૂમિદાહ (દાટવામાં આવે તો) માં સ્નાનથી શુદ્ધિ અને અગ્નિદાહમાં એક રાત્રિનું સૂતક
(૫) દાંત આવ્યા પછી ત્રણ વર્ષ સુધી (ચૌલકર્મ-મુંડન કરાવ્યા પહેલાં મરણ)	બાળકનું	સપિંડોને	ભૂમિ દાહ (દાટવામાં આવે)માં એકરાત્રિનું સૂતક અને અગ્નિદાહમાં ત્રણ રાત્રિનું સૂતક
(૬) ચૌલકર્મ (મુંડન) પછી મરણ (બ્રાહ્મણને જનોઈ પહેલાં અને વૈશ્યને ૧૪ વર્ષ પહેલાં)	બાળકનું	સપિંડોને સમાનોદકને	ત્રણ રાત્રિનું સૂતક સ્નાનથી શુદ્ધિ
(૭) વાગ્દાન (વેવિશાળ) પહેલાં મરણ	કન્યાનું	ત્રણ પેઢીવાળાને	એક રાત્રિનું સૂતક

મૃત્યુનો પ્રકાર	કોનું મરણ	કોને સૂતક લાગે	કેટલું પાળવું પડે
(૮) વાગ્દાન (વેવિશાળ) પછી પણ લગ્ન પહેલાં મરણ	કન્યાનું	પિતા-પતિ બંને પક્ષને	ત્રણ રાત્રિનું સૂતક
(૯) અવિંવાહિંત (કુંવારી) કન્યાનું મરણ	કન્યાનું	માતા-પિતાને	સંપૂર્ણ સૂતક
(૧૦) જન્મ આપનારનું મરણ	માતા-પિતાનું	સંતાનોને	સંપૂર્ણ સૂતક
(૧૧) ઓરમાન્ન/સાવકી	માતાનું	સંતાનોને	ત્રણ રાત્રિનું સૂતક
(૧૨) અનૌસ્સ (ઓરમાન)	સંતાનોનું	માતા-પિતાને	ત્રણ રાત્રિનું સૂતક
(૧૩) અનૌરસ (ઓરમાન)	સહોદરોનું	સહોદરોને	ત્રણ રાત્રિનું સૂતક
(૧૪) મરણ	પતિનું	પત્નીને	સંપૂર્ણ સૂતક
(૧૫) મરણ	પત્નીનું	પતિને	સંપૂર્ણ સૂતક
(૧૬) જનોઈ પછી (બ્રાહ્મણને) અથવા ૧૪ વર્ષ પછી વૈશ્યને	પુત્રનું	સપિંડોને (સાત પેઢી સુધી)	સંપૂર્ણ સૂતક
,,	પુત્રનું	સમાનોદકને (૮થી૧૪ પેઢી સુધી)	ત્રણ રાત્રિનું સૂતક
,,	પુત્રનું	સગોત્રને (પંદરથી એકવીસ પેઢી સુધી)	સ્નાનથી શુદ્ધિ

(૨) પરગોત્ર મૃતાશૌચ

મૃત્યુનો પ્રકાર	કોનું મરણ	કોને સૂતક લાગે	કેટલું પાળવું પડે
(૧) પિતાને ઘેરકાયમ રહેનાર અને ભોજન કરનારનું મરણ	પરણેલી અથવા વિધવા પુત્રીનું	માતા-પિતાને	સંપૂર્ણ સૂતક
(૨) સાસરે રહેનાર પરણેલી અથવા વિધવા નું મરણ	પુત્રીનું	માતા-પિતાને	ત્રણ રાત્રિ
(૩) ,,	,,	પાંચ પેઢી સુધી પિયર પક્ષના કુંટુંબીજનોને	સ્નાનથી શુદ્ધિ
(૪) પિયરમાં-પિતા/ભાઈના ઘેર મરણ	પરણેલી બહેનનું	ભાઈને	ત્રણ રાત્રિનું સૂતક
(૫) સાસરે પતિના ઘેર મરણ	પરણેલી બહેનનું	ભાઈને	પક્ષિણી સૂતક
(૬) પોતાને ઘેર અથવા અન્ય કોઈ સ્થળે મરણ	ભાઈનું	બહેનને	પક્ષિણી સૂતક
(૭) બહેનના ઘેર મરણ	ભાઈનું	બહેનને	ત્રણ રાત્રિનું સૂતક
(૮) મૃત્યુ	આચાર્યનું	શિષ્યને	ત્રણ રાત્રિનું સૂતક
(૯) મૃત્યુ	ગુરુનું	શિષ્યને	ત્રણ રાત્રિનું સૂતક
(૧૦) મૃત્યુ	શિષ્યનું	ગુરુને	સ્નાનથી શુદ્ધિ

મૃત્યુનો પ્રકાર	કોનું મરણ	કોને સૂતક લાગે	કેટલું પાળવું પડે
(૧૧) મૃત્યુ	ઋત્વિજનું (યજ્ઞ કરાવનાર)	યજમાનને	પક્ષિણી સૂતક
(૧૨) મૃત્યુ	જમાઈનું	સાસુ-સસરાને	સ્નાન
(૧૩) મૃત્યુ	સાસુ-સસરાનું	જમાઈને	ત્રણ રાત્રિનુંસૂતક
(૧૪) સ્ત્રીના મૃત્યુ પછી	સાસુ-સસરાનું	જમાઈને	પક્ષિણી સૂતક
(૧૫) મૃત્યુ	સાળીનું	બનેવીને	સ્નાન
(૧૬) મૃત્યુ	બનેવીનું	સાળીને	સ્નાન
(૧૭) મૃત્યુ	સાળાનું	બનેવીને	પક્ષિણી અથવા સ્નાન
(૧૮) મૃત્યુ	બનેવીનું	સાળાને	સ્નાન
(૧૯) મૃત્યુ	સાળાના સંતાનોનું	ફુઆ-ફોઈને	સ્નાન
(૨૦) મૃત્યુ	સાળીના સંતાનોનું	માસા-માસીને	સ્નાન
(૨૧) મૃત્યુ	માતા-પિતાનું	પરણેલી પુત્રીને	ત્રણ રાત્રિનું સૂતક
(૨૨) મૃત્યુ	સહાધ્યાયીનું	સહાધ્યાયીને	પક્ષિણી સૂતક
(૨૩) તેમના ઘેર મૃત્યુ (સૌ સૌના ઘેર)	પિતામહ-માતામહની બહેનોનું તથા મામા-મામી અને તેમના સંતાનોનું	ભત્રીજા ભાણેજોને	પક્ષિણી સૂતક
(૨૪) પોતાના ઘેર મૃત્યુ	,,	,,	ત્રણ રાત્રિનું સૂતક

મૃત્યુનો પ્રકાર	કોનું મરણ	કોને સૂતક લાગે	કેટલું પાળવું પડે
(૨૫) જનોઈ વગરનો પુત્રીના પુત્રનું મરણ	દોહિત્રનું	માતામહ (માના પિતા) ને	ભૂમિદાહ (દાટે) કરે તો સ્નાન, અગ્નિદાહ કરે તો - પક્ષિણી
(૨૬) જનોઈવાળો પુત્રીના પુત્રનું મરણ	દોહિત્રનું	,,	ત્રણ રાત્રિનું સૂતક
(૨૭) મૃત્યુ	માતામહનું (માનાપિતા-દાદા)	દોહિત્રને	ત્રણ રાત્રિનું સૂતક
(૨૮) મૃત્યુ	માતામહીનું (માતાની મા-દાદી)	,,	ત્રણ રાત્રિ અથવા પક્ષિણી અથવા એક રાત્રિનું સૂતક
(૨૯) પરણેલી	ફોઈનું	ભત્રીજાને	પક્ષિણી સૂતક
(૩૦) જનોઈ પહેલાં ભૂમિદાહ (દાટવામાં આવે)	બંધુત્રયનું	બંધુત્રયને	સ્નાન
(૩૧) જનોઈ પહેલાં અગ્નિદાહ	,,	,,	એક રાત્રિનું સૂતક
(૩૨) જનોઈ પછી મરણ	,,	,,	પક્ષિણી સૂતક
(૩૩) મૃત્યુ	બંધુત્રયના સંતાનોનું	બંધુત્રયને	સ્નાન
(૩૪) મૃત્યુ	ભાણેજોનું	મામા-મામીને	ભૂમિદાહ (દાટવું) કરે તો સ્નાન, અગ્નિદાહ કરે તો - પક્ષિણી
(૩૫) એક જ ગામમાં મરણ	મામાનું	ભાણેજોને	ત્રણ રાત્રિ સૂતક
(૩૬) બીજા ગામમાં મરણ	મામાનું	ભાણેજોને	પક્ષિણી સૂતક
(૩૭) દેશાંતર (૨૪ ગાઉથી દૂર) માં મરણ	મામાનું	ભાણેજોને	એક રાત્રિનું સૂતક

મૃત્યુનો પ્રકાર	કોનું મરણ	કોને સૂતક લાગે	કેટલું પાળવું પડે
(૩૮) મૃત્યુ	માતાની મા-માસી મામા-મામીનું	દોહિત્રને	પક્ષિણી સૂતક
(૩૯) મૃત્યુ	દત્તક પુત્રનું (સાત પેઢીમાંથી લીધેલ હોય તો)	ગોદ લેનાર માતા પિતાને	દસ રાત્રિનું સૂતક
(૪૦) મૃત્યુ	,,	સપિંડોને (સાત પેઢી સુધી)	દસ રાત્રિનું સૂતક
(૪૧) મૃત્યુ	,,	જન્મ આપનાર માતા પિતાને	ત્રણ રાત્રિનું સૂતક
(૪૨) મૃત્યુ	દત્તક પુત્રનું (બીજા કુળમાંથી લીધેલ હોય તો)	ગોદ લેનાર માતા પિતાને	ત્રણ રાત્રિનું સૂતક
(૪૩) મૃત્યુ	,,	જન્મ આપનાર માતા-પિતાને	ત્રણ રાત્રિનું સૂતક
(૪૪) મૃત્યુ	,,	સપિંડોને (સાત પેઢી સુધી)	એક રાત્રિનું સૂતક
(૪૫) મૃત્યુ	ગોદ લેનાર માતાપિતાનું	દત્તક પુત્રને	દસ રાત્રિનું સૂતક
(૪૬) મૃત્યુ	જન્મ આપનાર માતા-પિતાનું	,,	ત્રણ રાત્રિનું સૂતક
(૪૭) મૃત્યુ	પોતાને ત્યજી ગયેલ પત્નીનું	પતિને	ત્રણ રાત્રિનું સૂતક
(૪૮) મૃત્યુ	પ્રથમ પતિનું	પત્નીને	ત્રણ રાત્રિનું સૂતક

નોંધ : બંધુત્રયમાં દીકરીઓ માટે યજ્ઞોપવિતના બદલે વિવાહ સંસ્કાર સમજવો.
અસપિંડ (સાત પેઢી સિવાયની) વ્યક્તિ જો પોતાના ઘરમાં મરણ પામે તો ઘરના સ્વામીને ત્રણ રાત્રિનું સૂતક લાગે છે. એવો અંગિરાઋષિનો મત છે. એક રાત્રિનું સૂતક લાગે છે એવો વિષ્ણુમત છે.

(૩) અતિક્રાંત આશૌચ :

(સૂતકનો સમય વીતી ગયા પછી જાણ થાય તે.)

(૧) **એક જ દેશમાં** બે-ત્રણ દિવસો વીતી ગયા બાદ જો સૂતક સંબંધી સાંભળવામાં આવે તો જેટલા દિવસ સૂતકના બાકી હોય તેટલા દિવસનું સૂતક પાળવું પડે છે.

(૨) **એકજ દેશમાં** - દસ રાત્રિનું સૂતક, દસ રાત્રિ વીતી ગયા પછી પરંતુ ત્રણ માસની અંદર સાંભળવામાં આવે તો ત્રણરાત્રિનું સૂતક પાળવું પડે છે.

(૩) **એકજ દેશમાં** - દસ રાત્રિનું સૂતક, દસ રાત્રિ વીતી ગયા પછી પરંતુ છ માસની અંદર સાંભળવામાં આવે તો પક્ષિણી સૂતક પાળવું પડે છે.

(૪) **એક જ દેશમાં** - દસ રાત્રિનું સૂતક, દસ રાત્રિ વીતી ગયા પછી પરંતુ નવ માસની અંદર સાંભળવામાં આવે તો એક રાત્રિનું સૂતક પાળવું પડે છે.

(૫) **એકજ દેશમાં** - દસ રાત્રિનું સૂતક, દસ રાત્રિ વીતી ગયા પછી પરંતુ બાર માસની અંદર અથવા એક વર્ષ પછી સાંભળવામાં આવે તો સ્નાન માત્રથી શુદ્ધિ થાય છે.

(૬) **એકજ દેશમાં** - ત્રણ રાત્રિના સૂતક, ત્રણ રાત્રિ વીતી ગયા પછી સાંભળવામાં આવે તો સમાનોદક (આઠથી ચૌદ પેઢી સુધી) ને સ્નાનમાત્રથી શુદ્ધિ થાય છે.

(૭) **દેશાંતર (પરદેશમાં)** - દસ રાત્રિનું સૂતક, દસ રાત્રિની અંદર સાંભળવામાં આવે તો જેટલી રાત્રિ બાકી હોય તેટલી રાત્રિનું સૂતક પાળવું પડે છે.

(૮) દેશાંતર (પરદેશમાં) - દસ રાત્રિનું સૂતક; દસ રાત્રિ વીતી ગયા પછી સાંભળવામાં આવે તો માત્ર સ્નાનથી શુધ્ધિ થાય છે.

નોંધ : દેશાંતર એટલે બ્રાહ્મણ માટે ૨૦ યોજન (૮૦ કોશ), ક્ષત્રિય માટે ૨૪ યોજન (૯૬ કોશ), વૈશ્ય માટે ૩૦ યોજન (૧૨૦ કોશ) અને શુદ્ર માટે ૬૦ યોજન (૨૪૦ કોશ) અંતર સમજવું.

(૧ યોજન = ૪ કોશ, ૧ યોજન = ૯ માઈલ - આશરે, ૧ કોશ = ૨ માઈલ-૨ ફર્લાંગ, ૧ કોશ = ૩ કિલોમીટર આશરે)

અતિક્રાંત આશૌચ (સૂતક) માં એક વિશેષતા છે કે જો માતા-પિતાના મૃત્યુના સમાચાર દૂર દેશમાં રહેલ પુત્ર સાંભળે તો, શ્રવણ કરેલ દિવસથી દસ રાત્રિનું સંપૂર્ણ સૂતક પાળવું પડે છે.

સાવકી માતા (અપર માતા) નું સૂતક ત્રણ રાત્રિનું પાળવું પડે છે.

પરદેશમાં પરસ્પર-એકબીજાથી દૂર રહેલ પતિ-પત્નીએ પણ સંપૂર્ણ સૂતક પાળવું પડે છે.

(૪) સન્નિપાત આશૌચ :

(એક સૂતકમાં બીજું સૂતક આવી પડે તે.)

(૧) એક જન્મસૂતક (વૃદ્ધિસૂતક/વર્ધી/પિંડરૂ) માં બીજું જન્મસૂતક આવી પડે તો પહેલા જન્મસૂતકની સાથે જ બીજું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) ઉતરી જાય છે.

(૨) દસરાત્રિના એક મરણસૂતકની સાથે બીજું દસરાત્રિનું અથવા ત્રણ રાત્રિનું મરણસૂતક આવી પડે તો તે પહેલા મરણસૂતકના જેટલા દિવસ બાકી હોય તેની સાથે જ બીજું મરણસૂતક ઉતરી જાય છે.

(૩) એક સૂતકની સાથે બીજું સૂતક ઉતરી જાય છે તેનો સમય નવ દિવસ પર્યંતનો જ સમજવો. અર્થાત્ એક જન્મસૂતક અથવા મરણ સૂતક આવ્યું હોય અને બીજું જન્મ અથવા મરણ સૂતક નવમા દિવસે આવે તો જ પ્રથમના જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) અથવા મરણ સૂતકની સાથે બીજું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) અથવા મરણસૂતક ઉતરી જાય છે. પરંતુ જો નવમા દિવસ પછી બીજું જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) કે મરણસૂતક આવી પડે તો તે સૂતક ઉતરતું નથી.

(૪) મરણસૂતકની સાથે જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) આવી પડે તો તે સાથે ઉતરે છે પરંતુ જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) માં મરણસૂતક આવી પડે તો તે સાથે ઉતરે નહિં.

(૫) દસ રાત્રિના મરણસૂતક ઉતરવાના દસમા દિવસે અથવા રાત્રિએ બીજા

મરણસૂતકની ખબર પડે તો વધુ બે રાત્રિ સૂતક પાળવું પડે છે.

(૬) દસ રાત્રિના મરણસૂતક ઉતરવાના દસમા દિવસની પાછલી રાત્રે (છેલ્લા પ્રહરમાં) બીજા મરણસૂતકની ખબર પડે તો વધુ ત્રણ રાત્રિ સૂતક પાળવું પડે છે.

(૭) ઉપર પ્રમાણે બે અથવા ત્રણ રાત્રિના વધુ મરણસૂતક પાળવાના સમય દરમિયાન ફરી પાછું નવું દસ રાત્રિનું મરણસૂતક આવી પડે તો નવું મરણસૂતક સંપૂર્ણ પાળવું પડે છે.

(૮) પ્રસૂતા, અગ્નિસંસ્કાર કરનાર વ્યક્તિ અને મરનારના પુત્રને ઉપરોક્ત છૂટછાટ લાગુ પડતી નથી પરંતુ આ ત્રણે જણાને સંપૂર્ણ સૂતક પાળવું પડે છે.

(૯) સપિંડો (સાત પેઢી સુધી) ને કૌટુંબિક સૂતક આવ્યું હોય પરંતુ તે દરમિયાન પોતાના માતા-પિતાનું મરણ થાય તો પ્રથમ મરણસૂતકની સાથે પોતાના માતા-પિતાનું મરણસૂતક ઉતરી જતું નથી, પરંતુ પોતાના માતા-પિતાનું સંપૂર્ણ મરણ સૂતક પાળવું પડે છે.

(૧૦) પરણેલી પુત્રીને દશાહ પછી માતા-પિતાના મરણસૂતકની ખબર પડે તો પક્ષિણી સૂતક પાળવું પડે છે.

(૧૧) પિતાના મૃત્યુ પછીના નવ દિવસોમાં માતાનું મૃત્યુ થાય તો પિતાના મરણસૂતકની નિવૃત્તિ પછી વધુ પક્ષિણી સૂતક પાળવું પડે છે.

(૧૨) પિતાના મૃત્યુ પછીના દસમા દિવસે અથવા રાત્રિએ માતાનું મૃત્યુ થાય તો વધુ ૩॥ (સાડા ત્રણ) રાત્રિનું સૂતક પાળવું પડે છે.

(૧૩) પિતાના મૃત્યુ પછીના દસમા દિવસની પાછલી રાત્રે (છેલ્લા પ્રહરમાં) માતાનું મરણ થાય તો વધુ ૪॥ રાત્રિનું સૂતક પાળવું પડે છે.

(૧૪) માતાના મરણસૂતકમાં પિતાનુ મરણસૂતક આવી પડે તો ફરીથી સંપૂર્ણ મરણસૂતક પાળવું પડે છે.

(૧૫) સપિંડો (સાત પેઢી સુધી) ને મરણસૂતક દરમિયાન પોતાની પત્નીનું જો મરણ થાય તો પહેલા સૂતકના બાકીના વધેલા દિવસો સાથે બીજું

સૂતક ઉતરે છે. (પૂર્વ ક્ષેષ)

(૧૬) ત્રણ રાત્રિના સૂતક સમયમાં દસ રાત્રિના સૂતકની નિવૃત્તિ થતી નથી.

આશૌચ (સૂતક) કોને ન લાગે ?

(૧) સંન્યાસી, બ્રહ્મચારી, રાજા, કારીગર, ચાંદ્રાયણાદિ.વ્રત કરનાર, યજ્ઞની દીક્ષા લેનાર - આ બધાને જન્મ તથા મરણસૂતક લાગતું નથી.

(૨) યજ્ઞમાં બ્રાહ્મણનું વરણ થઈ ગયું હોય તો યજ્ઞારંભ સમયે, કૃષ્ણચાંદ્રાયણ આદિના સંકલ્પથી વ્રતારંભ સમયે, વિવાહ અથવા યજ્ઞોપવિત પ્રસ્તાવમાં જ્યારે નાન્દીમુખ શ્રાદ્ધ થઈ ચૂક્યું હોય ત્યારે, શ્રાદ્ધાદિ ક્રિયામાં જ્યારે પાક સિધ્ધ થઈ ચૂક્યો હોય ત્યારે, શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં વક્તા અને શ્રોતાનું વરણ થઈ ચૂક્યું હોય ત્યારે - આ બધા આરંભેલા કાર્યોમાં આશૌચ (સૂતક) લાગતું નથી. આ આપત્તિકાળની શુદ્ધિ વ્યવસ્થા સમજવી.

સજાતીય શબ-અનુગમન : (શબની પાછળ સ્મશાને જવું)

(૧) સજાતીય (વૈશ્ય-વૈશ્યના શબ પાછળ જાય) અથવા ઉચ્ચ જાતીય (ક્ષત્રિય-બ્રાહ્મણના તથા વૈશ્ય-ક્ષત્રિય કે બ્રાહ્મણના) શબની પાછળ અનુગમન કરે અર્થાત્ સ્મશાને જાય પરંતુ શબનો સ્પર્શ ન કરે તો બે વાર સ્નાન કરવાથી શુદ્ધ થાય છે. એકવાર સર્વ ડાઘુઓ સાથે નદીમાં અથવા જળાશયમાં તથા બીજીવાર ઘેર આવ્યા પછી સ્નાન કરવું.

(મનુસ્મૃતિ : ૫-૧૦૩)

(૧) સ્નેહથી-પ્રેમવશ થઈ જો સજાતીય વ્યક્તિનાશબનો સ્પર્શ કરે અથવા શબનું વહન કરે (નનામી ઊંચકે) તો એક દિવસ અથવા એક રાત્રિનું સૂતક લાગે છે. શબનો સ્પર્શ દિવસે કરે અથવા શબને ઊંચકે તો તે જ રાત્રે તારાદર્શન કરવાથી શુદ્ધ થાય છે. એ જ પ્રમાણે શબનો સ્પર્શ રાત્રે કરે અથવા શબને ઊંચકે તો બીજા દિવસે સૂર્યદર્શનથી શુદ્ધ થાય છે. તારા દર્શન કે સૂર્યદર્શન કરી ફરીથી સ્નાનાદિ થઈ શુદ્ધ થઈ જનોઈ અને અથવા કંઠી બદલવી પડે છે.

******

પરજાતીય શબ-અનુગમન : (શબની પાછળ સ્મશાને જવું)

(૧) બ્રાહ્મણ : ક્ષત્રિયના શબની પાછળ સ્મશાને જાય તો એક રાત્રિનું, વૈશ્યના શબની પાછળ સ્મશાને જાય તો પક્ષિણી અને શુદ્રના શબની પાછળ સ્મશાને જાય તો ત્રણ રાત્રિનું સૂતક પાળવું પડે છે.

(૨) ક્ષત્રિય : વૈશ્યના શબની પાછળ સ્મશાને જાય તો એક રાત્રિ, શુદ્રના શબની પાછળ સ્મશાને જાય તો પક્ષિણી સૂતક પાળવું પડે છે.

(૩) વૈશ્ય : શુદ્રના શબની પાછળ સ્મશાને જાય તો એક રાત્રિનું સૂતક પાળવું પડે છે.

(૪) અનાથ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યના શબના વહન (શબને ઊંચકવું) થી જ્યોતિષ્ટોમ યજ્ઞનું ફળ મળે છે. જળાશયમાં ડૂબકી મારી સ્નાન કરવાથી શુદ્ધ થવાય છે.

(૫) અનાથ શુદ્રનું વહન (શબને ઊંચકવું) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે કરવું નહિ પરંતુ બીજા કોઈ શુદ્રને દ્રવ્ય આપીને તેને પાસે શબવહન કરાવવું.

વિશેષ :

(૧) શબનું દહન (અગ્નિસંસ્કાર) કરે તો ત્રણ રાત્રિનું સૂતક લાગે છે.

(૨) **શબનું મોં જોવાથી અપરસ છોવાય છે. વ્રત-ઉપવાસ કરીને કંઠી બદલવી પડે છે.**

(૩) **અપરસ ન હોય ,તો પણ તેવા લોકોને શબનું મોં જોવાથી સ્નાન કરવું પડે છે.**

❖ પંચકમાં મરણ ❖

કુંભ અને મીન રાશિમાં ચંદ્રની સ્થિતિ હોય ત્યાં સુધી ‘પંચક’ નો સમય કહેવાય છે.

‘પંચક’ દરમિયાન મૃત્યુ થાય તો દર્ભ (કુશ) ના પાંચ પૂતળા બનાવી અગ્નિદાહ સમયે તેનો પણ સાથે જ દાહ કરવામાં આવે છે. વિશેષમાં આ અશુભ મૃત્યુદોષની ક્રિયા પણ કરાવવી અનિવાર્ય છે.

અસ્થિ (હાડકા) સ્પર્શ :

(૧) **જાણી જોઈને** જો મનુષ્ય ભીના (લીલા) હાડકાનો સ્પર્શ કરે તો ત્રણ રાત્રિના સૂતક લાગે છે.

(૨) **જાણી જોઈને** જો મનુષ્ય સૂકા હાડકાનો સ્પર્શ કરે તો એક રાત્રિનું સૂતક લાગે છે.

(૩) **અજાણતાં** જો મનુષ્ય ભીના (લીલા) હાડકાનો સ્પર્શ કરે તો સ્નાનમાત્રથી શુદ્ધિ થાય છે.

(૪) **અજાણતાં** જો મનુષ્ય સૂકા હાડકાનો સ્પર્શ કરે તો ત્રણ વખત આચમન કરવાથી શુદ્ધિ થાય છે.

(૫) પશુ-પક્ષીના **ભીના (લીલા) હાડકાનો** સ્પર્શ કરે તો માત્ર સ્નાનથી શુદ્ધિ થાય છે.

(૬) પશુ-પક્ષીના **સૂકા હાડકાનો** સ્પર્શ કરે તો આચમનથી શુદ્ધિ થાય છે.

(૭) **અસ્થિસંચય** (અસ્થિગ્રહણ/અસ્થિ એકત્ર કરવાં) **અગ્નિસંસ્કારથી પહેલા-બીજા અથવા ત્રીજા દિવસે કરવું.**

વાળ ઉતરાવવા :

વાળ ત્રણ પ્રકારે ઉતરાવાય છે

(૧) **વપન :** માથામાં ચોટલી (શિખા) રાખીને માથું, દાઢી અને મૂંછના વાળ ઉતરાવવા તેને 'વપન' કહે છે.

માતા-પિતા, કાકા-કાકી, દાદા-દાદી, મોટાભાઈ, સસરા, દીક્ષાગુરુ, મામા-મામીના પાછળ 'વપન' ક્રિયા કરાવવી પડે છે.

(૨) **ક્ષૌર :** ચોટલી રાખીને માથાના જ વાળ ઉતરાવવા તેને 'ક્ષૌર' કહે છે.

સાવકી મા, અવસ્થામાં નાના પણ સંબંધમાં મોટાની પાછળ 'ક્ષૌર' ક્રિયા કરાવવી પડે છે.

(૩) **ચૌલ :** માથાની ચોટલી સહિત માથાના સમગ્ર વાળ ઉતરાવવા તેને 'ચૌલ' ક્રિયા કહે છે.

મોટાને નાનાની મરણક્રિયા કરવાનો પ્રસંગ આવે ત્યારે 'ચૌલ' ક્રિયા કરાવવી પડે છે.

આશૌચ નિયમાવલિ :

(૧) શુદ્ધિ-અશુદ્ધિના શાસ્ત્રસિધ્ધાંતોને આચરવા આતુર સ્ત્રી-પુરુષને જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) અને મરણસૂતકના નિયમો એક સરખા જ લાગુ પડે છે. (મનુસ્મૃતિ : ૫-૬૧)

(૨) જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) માં સૌનો સ્પર્શ થઈ શકે છે પરંતુ મરણસૂતકમાં કોઈનો પણ સ્પર્શ થઈ શક્તો નથી.

(૩) જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) કરતાં મરણસૂતકમાં બમણી અશુદ્ધિ છે.

(૪) મરણસૂતક કરતાં બમણી અશુદ્ધિ રજસ્વલા સ્ત્રી (માસિક ધર્મવાળી સ્ત્રી) ના સ્પર્શમાં છે.

(૫) રજસ્વલા સ્ત્રીના સ્પર્શ કરતાં બમણી અશુદ્ધિ પ્રસૂતા સ્ત્રી (સૂતિકા/સુવાવડી સ્ત્રી) ના સ્પર્શમાં છે.

(૬) પ્રસૂતા સ્ત્રીના સ્પર્શ કરતાં બમણી અશુદ્ધિ શબદાહ (અગ્નિસંસ્કાર) કરનારને લાગે છે. આ બધા સ્મૃતિવચનો છે.

(૭) **રજસ્વલા અને પ્રસૂતા સ્ત્રી, સૂતકી તથા અપવિત્ર અવસ્થામાં સેવ્ય પ્રભુસ્વરૂપના દર્શન-સ્પર્શ કરવા નહિ.**

(શ્રીગોપીનાથ પ્રભુચરણ કૃત 'સાધનદીપિકા'-૮૫)

(૮) જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) અને મરણસૂતક - **આ બંને આશૌચમાં ભગવદ્સેવા-દેવપૂજા-પિતૃકાર્યો વગેરે થઈ શકે નહિ.**

(૯) સૂતકમાં દાન-દક્ષિણા-કોરી સામગ્રી આપી શકાય નહિ. વળી સૂતકી બ્રાહ્મણથી દાન-દક્ષિણા લઈ પણ શકાય નહિ.

(૧૦) સૂતકમાં તેલમર્દન, તાંબૂલભક્ષણ, દેહશણગાર વગેરે કરવાં નહિ.

(૧૧) પલંગમાં સૂઈ જવું નહિ પરંતુ ભૂમિશયન કરવું.

(૧૨) સૂતકમાં સ્વમાર્ગીય સ્તોત્રપાઠ - ગ્રંથવાચન કરી શકાય નહિ.

(૧૩) શ્રીમદ્‌ભાગવત, શ્રીમદ્ ભગવદ્ ગીતા વગેરે ભગવદ્‌શાસ્ત્રોનો સ્પર્શ કરાય નહિ.

(૧૪) ગોમુખી અને માળાજીનો સ્પર્શ કર્યા વિના મનમાં જ અષ્ટાક્ષર મહામંત્રનો જપ કરી શકાય છે.

(૧૫) સૂતકમાં પ્રસાદી કંકુથી તિલક કરી શકાય નહિ. ચરણામૃત લઈ શકાય છે.

(૧૬) સૂતકીની દષ્ટિ પડવાથી પ્રભુ માટેની સામગ્રી-ઝારીજી છોવાઈ જાય છે. આથી ભગવદ્દર્શન ચોક્કસ સમયે જ કરી શકાય છે, **શ્રી ઠાકોરજી નિકટ જ્યારે ઝારીજી ધર્યા ન હોય ત્યારે જ મરણસૂતકમાં ભગવદ્દર્શન થઈ શકે છે.**

(૧૭) જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) માં બધાજ સમયના ભગવદ્દર્શન થઈ શકે છે.

(૧૮) જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) અને મરણસૂતકવાળી વ્યક્તિના ઘરનું ખાનપાન-જળપાન કરવું નહિ. સૂતકીના ઘરનું અન્ન ખાનાર કે જળપાન કરનારને સૂતકી પ્રમાણે જ સૂતક લાગુ પડે છે. જે દિવસે સૂતકીના ઘરનું ખાનપાન-જળપાન કરે તે દિવસથી સૂતકના જેટલા દિવસ બાકી હોય તેટલા દિવસનું પૂરેપૂરું સૂતક પાળવું પડે છે.

(મનુ સ્મૃતિ : ૫-૧૦૨)

(૧૯) બીજો સૂતકી છે એમ જાણવા છતાં, તેને જાણ કર્યા વિના તેના ઘરનું ખાનપાન-જળપાન કરનાર પણ સૂતકી બને છે.

(૨૦) જન્મ અને મરણ ગમે ત્યારે થયું હોય પરંતુ જ્યારે તે સાંભળવામાં આવે ત્યારથી સૂતક, સ્પર્શ-અસ્પર્શ, કાર્ય અકાર્યના નિષેધ-નિયમો પાળવા પડે છે.

(૨૧) જન્મસૂતક (વર્ધી/પિંડરૂ) ને મરણસૂતક જાણવા છતાં જો પાળે નહિ, જાણી જોઈને છૂપાવી રાખે તો તે મહાદોષકારી અને પાતકી થાય છે.

(૨૨) સૂતક પૂરા થવાના/ઉતરવાના આગળના દિવસે એક ટંક (એક ટાણું) ભોજન કરવું. ખાધેલું અન્ન જ્યાં સુધી પચે નહિ ત્યાં સુધી સૂતકી પવિત્ર થઈ શક્તો નથી એવો સદાચાર છે.

(૨૩) વર્તમાન કલિકાલમાં વૈશ્યવર્ણને યજ્ઞોપવિત સંસ્કાર હોતો નથી. આથી પંદર રાત્રિનું સંપૂર્ણ સૂતક પાળવું જરૂરી છે.

(૨૪) **વૈશ્ય વૈષ્ણવોએ પંદર રાત્રિનું સંપૂર્ણ સૂતક પાળવું.** તે પૂરું થયા પછી **સોળમા દિવસે ફળાહાર-દૂધ વગેરે લઈ વ્રત-ઉપવાસ કરવો.** ત્યારબાદ બીજા દિવસે અર્થાત્ **સત્તરમા દિવસે સ્નાનાદિથી શુદ્ધ થઈ કંઠી બદલવી.**

(૨૫) બ્રાહ્મણ વૈષ્ણવે યજ્ઞોપવિત તથા કંઠી-બંને બદલવાં

(૨૬) સ્નાન કર્યા પછી નવી પ્રસાદી કંઠી ગળામાં પહેલાં પહેરવી અને ત્યારબાદ જ જૂની કંઠી ગળામાંથી ઉતારવી.

(૨૭) ગળામાંથી ઉતારેલી કંઠી ગમે ત્યાં ફેંકવી નહિ પરંતુ જળાશયમાં પધરાવવી.

(૨૮) કેટલીક વ્યક્તિઓ ગળામાંથી ઉતારેલ કંઠીને સાબુથી ધોઈ ફરીથી ઉપયોગમાં લે છે. આ સંપૂર્ણ અનાચાર છે અને આવા શાસ્ત્ર વિરુધ્ધ કાર્યો કદી આચરવા નહિ.

(૨૯) પોતાના શ્રીગુરુગૃહની પ્રસાદી કંઠી જ ધારણ કરવાનો સૌ સેવકજનોએ આગ્રહ રાખવો.

(૩૦) વ્રત-ઉપવાસ કરીને નવી કંઠી ધારણ કર્યા પછી જ ભગવદ્‌સેવાદિ કાર્યોમાં પ્રવૃત્ત થવું.

(૩૧) સ્ત્રીને પોતાના પતિના મરણસૂતકની નિવૃત્તિ એક વર્ષે થાય છે. જો મરજાદી સેવક હોય તો સ્વસેવ્યસ્વરૂપને ભોગ ધરીને પ્રસાદ લઈ શકે છે. પરંતુ મુંડન કરાવી, શુદ્ધ થઈ ને શ્રીગુરુદેવની આજ્ઞાનુસાર જ સેવાદિ કાર્યો કરવાં.

(૩૨) શ્રીગુરુદેવની આજ્ઞા અનુસાર સ્વસેવ્યસ્વરૂપને પંચામૃત સ્નાન કરાવ્યા પછી જ બીજા મરજાદી વૈષ્ણવને પ્રસાદ લેવડાવી શકે છે.

(૩૩) વર્ણાશ્રમ ધર્મના આચારો સ્વગૃહમાં સંપૂર્ણ પાળવા જોઈએ. દિવસે

સંપૂર્ણ, રાત્રે અડધા, પ્રવાસમાં તેથી પણ અડધા તથા રોગી-અશક્ત-વૃધ્ધોએ યથાશક્ય પાળવા પ્રયત્નશીલ રહેવું.

(૩૪) વિવાહિત કન્યાને પોતાના પિયરપક્ષના મૂળ પુરુષથી લઈને પાંચ પેઢી સુધી મરણસૂતકમાં સ્નાન કરવું પડે છે એવો મુખ્ય પક્ષ છે. ત્યારબાદ અર્થાત્ છઠ્ઠી પેઢીથી વિવાહ સંબંધી યોગ્યતા પ્રાપ્ત થતી હોવાથી સ્નાન સંબંધ લાગતો નથી. એવો મહર્ષિ યાજ્ઞવલ્કયનો મત છે.

કોના સ્પર્શથી સ્નાન કરવું પડે ?

રજસ્વલા અને પ્રસૂતા (સુવાવડી) સ્ત્રીનો સ્પર્શ, પતિત-ચાંડાલનો સ્પર્શ, દ્રવ્ય લઈને સેવા-પૂજા કરનાર દેવલકનો સ્પર્શ, શુદ્રના ઘેર ભોજન કરનાર બ્રાહ્મણનો સ્પર્શ, પ્રાણીઓના ચામડા વેચનારનો સ્પર્શ, જીવહિંસા કરનાર કસાઈનો સ્પર્શ, સ્મશાનભૂમિ-ભૂમિદાહ (બાળકો અને પશુઓને દાટવાની ભૂમિ) કબ્રસ્તાન વગેરેનો સ્પર્શ, ચિતા-ચિતાના લાકડા-ચિતાની ભસ્મ વગેરેનો સ્પર્શ, સ્મશાનગમન (સ્મશાનને-શબની પાછળ જવું), મડદાનો સ્પર્શ, મડદાનો સ્પર્શ કરનાર વ્યક્તિનો સ્પર્શ, દારૂ-હાડકાં-લોહી-પરૂ-વિષ્ઠાનો સ્પર્શ, ભૂંડ-કૂતરું-ગધેડું-ગરોળી વગેરે જીવોનો સ્પર્શ, સૂર્ય-ચંદ્રના ગ્રહણના મોક્ષ સમયે, સંડાશ (ખરચૂ) ક્રિયા કરનાર વ્યક્તિનો સ્પર્શ, સૂતકીનો સ્પર્શ તેમજ સંડાશ ક્રિયા અને વાળ કપાવ્યા પછી સવસ્ત્ર સર્વાંગે સ્નાન કરવું.

(મનુસ્મૃતિ : ૫-૮૫, શ્રી ગોકુલેશ પ્રભુચરણના વચનામૃત-૨૩, બ્રહ્માંડ પુરાણ વગેરેમાંથી)

સ્પર્શાસ્પર્શનો દોષ ક્યારે ન લાગે ?

તીર્થમાં, વિવાહમાં, યાત્રામાં, દેશ-ઉપદ્રવમાં, નગર-ગામ ઘરમાં આગ લાગતાં, રાજ્યદરબારમાં, મોટા ઉત્સવોમાં, જનસમૂહમાં, ભયથી પલાયન થતી વેળાએ, વનમાં તથા આપત્તિકાળમાં સ્પર્શાસ્પર્શનો દોષ લાગતો નથી.

નિષિદ્ધ આહાર :

ધર્મશાસ્ત્રોએ નિષિદ્ધ કરેલ આહાર - કાંદા, લસણ, મૂળા, મોગરી,

ગાજર, તડબૂચ, મસૂરની દાળ, સમારતાં અને રાંધતા દુર્ગંધયુક્ત અનુભવાતા કોબીજ-ફલાવર વગેરે શાકભાજી, માંસ-ઈંડા વગેરે અભક્ષ્ય પદાર્થો, શરાબસેવન/મદિરાપાન વગેરેનું સેવન કરવું નહિ - કદાપિ ખાવાં નહિ.

(મનુસ્મૃતિ : ૫-૫ તથા શ્રીગોકુલેશપ્રભુચરણના વચનામૃત-૨૪)

ક્યા પ્રકારે આજીવિકા/જીવન-નિર્વાહ કરવો ?

ખેતી, વાણિજ્ય, ગોપાલન (ગાયોનું પાલન-રક્ષણ-સંવર્ધન વગેરે ગોસેવાદિ કાર્યો) અને વ્યાજવટું - આ ચાર વૈશ્યના જીવન-નિર્વાહના આધાર છે. તેમાં પ્રથમ ત્રણ ન હોય તો જ ચોથું વ્યાજવટું છે, નહિ તો પ્રથમ ત્રણમાંથી કોઈપણ જીવન નિર્વાહનું સાધન હોય છતાં વ્યાજવટું (હીન જાતિમાં ધીરધાર-શોષણ વગેરે) કરે તો તે નિંદિત કાર્ય છે, કારણકે વ્યાજવટું અધમ પ્રકારનું પાપ છે.

(શ્રી સુબોધિનીજી : ૧૦-૨૧-૨૧)

ક્યા પ્રકારે જીવન-નિર્વાહ ન કરવો ?

વૈષ્ણવે હીન જાતિમાં ધીરધાર-શોષણ આદિથી પ્રાપ્ત દ્રવ્યની કમાણી, ઉધાર દ્રવ્ય, અનીતિ, ભ્રષ્ટાચાર, લાંચરૂશ્વત-છેતરપિંડીથી દ્રવ્યકમાણી, શાસ્ત્ર નિષિદ્ધ પદાર્થોના વ્યવસાયથી દ્રવ્યપ્રાપ્તિ, સટ્ટો-જુગાર-લોટરીથી દ્રવ્યપ્રાપ્તિ, શ્રીમદ્ ભાગવત કથાથી કમાણી (ભગવદ્ નામવિક્રય), ભગવદ્ નામે નાણાં એકત્ર કરવા-મનોરથો / સામગ્રી પ્રદર્શન વગેરે માટે ફંડ-ફાળો એકઠો કરવો (ભગવદ્ સ્વરૂપ વિક્રય), ભગવદ્પ્રસાદ વિક્રય (ભગવદ્પ્રસાદ વેચવો અને વેચાતો લેવો) - ભગવદ્ સ્વરૂપ સ્થાપિત કરી દેવદ્રવ્યથી જીવન-નિર્વાહ કરવો, ગાય તથા ગોવંશ વિક્રય - આ બધા પ્રકારોથી વૈષ્ણવે આજીવિકા ચલાવવી નહિ - જીવનનિર્વાહ કદાપિ કરવો નહિ.

ગૃહસ્થ માટે નિષિધ્ધ દિવસો :

અષ્ટમી, દશમી, એકાદશી, દ્વાદશી, ચતુર્દશી, પૂર્ણિમા, અમાસ, ચાતુર્માસ (અષાઢ સુદ ૧૧-દેવશયની એકાદશીથી કારતક સુદ ૧૧ દેવપ્રબોધિની એકાદશી સુધી), વ્યતિપાતયોગ, ક્ષયતિથિ, સૂર્ય-ચંદ્રનો ગ્રહણ સમય, સૂતકના દિવસો, વ્રત-ઉપવાસના દિવસો, પર્વ-ઉત્સવના દિવસો, સંક્રાંતિ (સૂર્ય રાશિ બદલે તે સમયનો પુણ્યકાલ) પોતાની જન્મતિથિ, માતા-

પિતાની સંવત્સરી (પુણ્યતિથિ), શ્રાદ્ધના દિવસો, સંધ્યાકાળ, વહેલી પરોઢનો સમય, રજોદર્શનના દિવસો વગેરે સમય દરમિયાન ગૃહસ્થ સ્ત્રી-પુરુષે સંયમરત રહેવું. ધર્મશાસ્ત્રોએ આ દિવસોને નિષિધ્ધ ગણ્યા છે. (ધર્મસિંધુ)

❖ સાવધાન ❖

વર્તમાન સમયમાં સ્મશાનગૃહો, કબ્રસ્તાન તથા ભૂમિદાહ (પશુ અને મૃત બાળકોને દાટવાની જગ્યા) ને પીકનીક સ્થળ તરીકે વિક્સાવવામાં આવેલા છે. આ બધા અપવિત્ર સ્થાનોમાં જનાર વ્યક્તિએ સવસ્ત્ર સ્નાન કરવું પડે છે. વિશેષમાં આવા સ્થળોમાં પેદા થતા અને વેચાતા ફળ-ફૂલ-શાકભાજી કે અન્ય ખાદ્ય પદાર્થો કદાપિ ખરીદવા નહિ. પોતાના અંગત ઉપયોગમાં, ભગવદ્સેવા, દેવ-પિતૃકાર્યો વગેરેમાં પણ વાપરવા નહિ.

❖ શું આપ જાણો છો ? ❖

(૧) જળ સિવાય કોઈપણ પ્રવાહી પીણાં અથવા ખાદ્ય પદાર્થો મુખમાં મૂકવાથી મુખ ઉચ્છિષ્ટ (જૂઠણવાળું) બને છે. આથી મુખ અને હાથ બંને ખાસા (શુદ્ધ) કરવા.

(૨) કંઠી વિનાની વ્યક્તિના હાથનું જળપાન-ખાનપાન કરવું નહિ.

(૩) તુલસીની માળાજી દેહની સાથે આદિથી અંત સુધી સાથે જ રહે છે. અગ્નિસંસ્કાર સમયે મૃતદેહ પરથી ઉતારી તેને ગમે ત્યાં ફેંકવી નહિ પરંતુ જળાશયમાં પધરાવવી. પ્રસાદી તુલસીની માળાજી (કંઠી) નો અગ્નિસંસ્કાર થાય નહિ.

(૪) લઘુશંકા (પેશાબ) કર્યા પછી હાથ-પગ બંને ધોવા અને શુદ્ધ જળથી ચાર કોગળા (કુલ્લા) કરવા.

(૫) ખેડેલા ખેતરમાં, જળાશય (કૂવો-વાવ-તળાવ-કુંડ-નદી વગેરે) માં અથવા જળાશયની નજીકમાં, ગોશાળામાં, વૃક્ષના મૂળમાં, અગ્નિ, લીલું ઘાસ, સ્મશાન, રાફડો વગેરેમાં, રાજમાર્ગ ઉપર, પર્વત ઉપર, ઊભા રહીને તથા હાલતાં-ચાલતાં મળમૂત્ર કદી કરવાં નહિ. વળી આ સ્થાનોમાં થૂંકવું પણ નહિ.

(૬) સ્નાન કરતી વેળા મૌન રાખવું અને વસ્ત્રનો પરિત્યાગ કરવો નહિ, કારણકે સ્નાન કરતી વખતે બોલતાં-મોંના છાંટા સ્નાન કરેલા શરીર ઉપર પડે છે અને દેહ અશુદ્ધ બને છે. આથી સ્નાન કરતાં સંપૂર્ણ મૌન જાળવવું, સ્નાનાદિ ક્રિયા કર્યા પછી ભગવદ્નામ સ્મરણ કરવું.

(૭) ગાય વૈષ્ણવનું સ્વરૂપ છે. આથી ગોગ્રાસ અવશ્ય કાઢવો.

(૮) ગાયનું મુખ અપવિત્ર છે. અને પૂંછ પવિત્ર છે.

(૯) ગોશાળા-દેવાલય/મંદિર સદા પવિત્ર છે.

(૧૦) ગોશાળા અને વ્રજભૂમિમાં ખડાઉ (પગના પગરખાં) વિના જ પવિત્રતા રહે છે.

(૧૧) ચરણામૃત (વજરજ) તથા ગંગા-યમુનાજળ સદા પવિત્ર છે.

(૧૨) સામાન્યતઃ જળબિંદુ પવિત્ર છે પરંતુ નખાગ્ર (નખના આગળનો ભાગ) નું જળબિંદુ, વાળમાંથી ટપકતું જળબિંદુ, ધોવાતા કપડાનો ઉડેલો છાંટો/જળબિંદુ, સ્નાન કર્યા પછી વસ્ત્ર નીચોવતાં ઉડેલો છાંટો/જળબિંદુ તેમજ મુખેથી બોલતાં ઉડેલો છાંટો સદા અપવિત્ર છે.

❖ શાસ્ત્ર વચનાવલિ ❖

❖ ખાંડણિયો, ઘંટી, ચૂલો (સગડી), પાણીયારું અને સાવરણી આ પાંચથી ગૃહસ્થના ઘેર જાણે-અજાણે થોડી ઘણી જીવહિંસા થતી હોય છે. આથી સુખ પ્રાપ્ત થતું નથી. આ પંચહિંસાનો દોષ પંચયજ્ઞથી દૂર થાય છે.

(૧) બ્રહ્મયજ્ઞ-વેદમંત્ર, શ્રીભાગવત, ગીતાજી, સ્વમાર્ગીય ગ્રંથ સેવન વગેરે.

(૨) દેવયજ્ઞ - અગ્નિહોત્ર કે વૈશ્વદેવ કરવાં.

(૩) પિતૃયજ્ઞ - નિત્યતર્પણ - શ્રાદ્ધાદિ કરવાં.

(૪) મનુષ્યયજ્ઞ - ભોજન અતિથિ સત્કાર વગેરે કરવો.

(૫) ભૂતયજ્ઞ - ગાય, કૂતરા વગેરેને ભોજનનો ભાગ આપવો.

''આ પંચમહાયજ્ઞ કરીને શેષ રહેલું અન્ન જે મનુષ્યો જમે છે તે સર્વ પ્રકારના પાપોમાંથી મુક્ત થાય છે, પરંતુ જે લોકો પોતાને માટે રાંધે છે તે તો પાપ જ ખાય છે.'' (શ્રીમદ્ ભગવદ્ ગીતા : ૩-૧૩)

પુષ્ટિભક્તિમાર્ગમાં શરણે આવનાર જીવની પ્રત્યેક ક્રિયા પ્રભુપ્રીત્યર્થે જ હોય છે. આથી પુષ્ટિસ્થ જીવ માટે તો ભગવદ્સેવા સહિત સંપૂર્ણ સમર્પિત જીવન એ નિત્ય અધિદૈવિક મહાયજ્ઞ છે.

❖ આહારથી સત્ત્વ (અંતઃકરણ) ની શુદ્ધિ થાય છે. અંતઃકરણની શુદ્ધિથી નિશ્ચિત અચલ સ્મૃતિ પ્રાપ્ત થાય છે. અને અચલ સ્મૃતિ પ્રાપ્ત થતાં (અહંતા-મમતારૂપ) સર્વ ગ્રંથિઓમાંથી વિમુક્ત થવાય છે.

(છાંદોગ્ય ઉપનિષદ : ૭-૨૬-૨)

❖ પરમાત્માનું શરીર ભૂતસંઘાત (પાંચ મહાભૂતો) નું બનેલું નથી. જે મનુષ્ય ભગવાન શ્રીકૃષ્ણનું શ્રી અંગ ભૌતિક દેહરૂપે જાણે છે તેના સર્વ શ્રૌત-સ્માર્ત કર્મોનાબહિષ્કાર કરવો જોઈએ. તેનું મુખ જોવાથી પણ સચૈલ (વસ્ત્ર સહિત) સ્નાન કરવું પડે છે. (મહાભારત)

❖ આ જગતમાં સર્વ પ્રાણીઓ પ્રતિદિન મૃત્યુ પામીને યમલોકમાં જાય છે. આ નિત્ય બનતું હોવા છતાં તેમજ સૌ મનુષ્યો તેને પ્રત્યક્ષ જોવા છતાં, સૌ અમર થવા ઈચ્છે છે આના કરતાં વધુ આશ્ચર્યજનક શું હોઈ શકે ?

(મહાભારત - વનપર્વ)

❖ આ લોકમાં જેઓ શુભ આચરણ કરે છે તેઓ શુભ અને ઉત્તમ યોનિમાં જન્મ પામે છે. પરંતુ જેઓ અશુભ, નિંદિત અને નિષિદ્ધ આચરણ કરે છે તેઓ અશુભ-અપવિત્ર યોનિ અર્થાત્ શ્વાન, ભૂંડ, ચાંડાલ વગેરે યોનિને પ્રાપ્ત થાય છે. (છાંદોગ્ય ઉપનિષદ : ૫-૧૦-૭)

❖ સત્ય બોલવું પ્રિય બોલવું, સત્ય જો અપ્રિય હોયતો ન બોલવું. પ્રિય જો અસત્ય હોય તો પણ ન બોલવું. આ સનાતન ધર્મ છે.

(મનુસ્મૃતિ : ૪-૧૩૮)

❖ વૃથાવાદ (ભગવદ્સબંધ વિનાની વાતો), વૃથાગતિ (ભગવદ્ સંબંધ વિનાનીક્રિયા) અને વૃથા સ્મૃતિ (ભગવદ્ સ્મૃતિનું વિસ્મરણ) આ ત્રણથી આયુષ્યનો ક્ષય થાયછે. (શ્રીમદ્ ભાગવત : ૩-૫-૧૪)

❖ અસત્ય, દ્યૂત (જુગાર), મદરૂપ મદિરાપાન, કામરૂપ સ્ત્રીઓ, ક્રોધરૂપ હિંસા અને વૈરરૂપ સુવર્ણ - આ પાંચ કલિ (કલહ-વેરઝેર) ના નિવાસ સ્થાન છે. કોઈપણ સમયે પ્રમાદથી પણ સેવવા નહિ પરંતુ દૂરથી જ ત્યાગ કરવો.

(શ્રી સુબોધિનીજી : ૧-૧૭-૩૯ અને ૪૦)

❖ વચનામૃત ❖

❖ નિત્યક્રમ અથવા નૈમિત્તિક કર્મ - જે ન કરવાથી પ્રત્યવાય (પતિત) થવાય છે તેના અનુષ્ઠાનના અંતર્ગત અન્ય દેવ, ઋષિ, પિતૃ આદિ કોઈની પણ સ્તુતિ અથવા પૂજનમાં અન્યાશ્રય થતો નથી. પુષ્ટિ ભક્તિમાર્ગ તેમજ પુષ્ટિ શરણ માર્ગમાં આને બાધક પણ માનવામાં આવ્યું નથી. એ જ રીતે સીમંત આદિ ષોડશ સંસ્કારો, સંધ્યોપાસના, શ્રાદ્ધાદિક કર્મોની અંતર્ગત અન્ય દેવાર્ચન પણ અન્યાશ્રંય માનવામાં આવ્યું નથી, કારણકે આ બધા જ કર્મો શાસ્ત્રદષ્ટિથી અનિવાર્ય માનવામાં આવ્યા છે.વિવાહ આદિ માંગલિક કાર્યોના પ્રારંભમાં વિઘ્નહર દેવ ગણપતિ આદિની સ્તુતિ-પૂજન પણ પુષ્ટિમાર્ગમાં વર્જિત નથી. આવા પ્રસંગોમાં આ કર્મોના અંગત્વને શાસ્ત્ર દષ્ટિએ અનિવાર્યતા વિહિત છે-એવી સ્પષ્ટ ધારણા અને ભાવના સાથે ગણેશ-સ્થાપન, પૂજન આદિ કરવામાં અન્યાશ્રય દોષ લાગતો નથી. પરંતું ક્ષુદ્ર મનોકામનાઓની સાથે પોતાના ભજનીયને જોડવા પુષ્ટિમાર્ગીય વિવેક અને ધૈર્યથી વિચલિત થવા જેવી વાત છે. વિઘ્નહરણની કામનાથી ગણપતિપૂજન કરવું જેવી રીતે આપણને ભગવદાશ્રયથી ભ્રષ્ટ કરે છે તેવી જ રીતે એવી ક્ષુદ્ર કામનાઓથી પોતાના ઈષ્ટદેવનું પૂજન-ભજન કરવું એ પણ આપણને વિવેક અને ધૈર્યથી ભ્રષ્ટ કરે છે. જેમ રોટી-રોજી કમાવવા માટે આપણે ધંધો અથવા નોકરી કરીએ છીએ એમાં અન્યાશ્રય થતો નથી. વળી વિદ્યોપાર્જન કરતી વખતે જેવી રીતે અધ્યાપકને આદર સન્માન આપવામાં અન્યાશ્રય થતો નથી, કારણકે આ બધા લૌકિક વ્યવહારો છે. એ જ રીતે શાસ્ત્રીય વ્યવહારોને નિભાવવામાં પણ અન્યાશ્રય થતો નથી. આ માટે આપણા હૃદયની ભાવના સ્પષ્ટ હોવી જોઈએ કે આવા વ્યવહારો આપણે નિષ્કામભાવથી તથા શાસ્ત્રની આજ્ઞા-પરિપાલન માટે જ કેવળ કરી રહ્યા છીએ.

(પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી કૃત ''ધર્મ-અર્થ-કામ-મોક્ષની પુષ્ટિમાર્ગીય વિવેચના'' પૃષ્ઠ ૫૬ થી ૫૮)

❖ ધર્મશાસ્ત્ર અનુસાર શ્રાદ્ધ કરવું આવશ્યક છે. આપણા માર્ગમાં કેટલાક વૈષ્ણવો માને છે કે શ્રાદ્ધ અને ધર્મશાસ્ત્રાનુસાર કરવાના અન્ય કર્મ/ક્રિયાઓ અન્યાશ્રય છે. વળી કેટલાક એવો દુષ્પ્રચાર ફેલાવી રહ્યા છે કે પુષ્ટિમાર્ગના આદ્ય સેવક-પરમ ભગવદીય શ્રી દામોદરદાસ હરસાનીજીએ શ્રાધ્ધાદિ

રજસ્વલાના સ્પર્શ-દ્રષ્ટિદોષો વિશે શું આપ જાણો છો ?

(જૈન મુનિશ્રી નિરાલાજી કૃત ‘બેનડી ! તું પવિત્ર રહેજે’
પુસ્તકમાંથી સાભાર ઉધ્ધૃત)

(૧) જર્મનીના દારૂના ગોડાઉનમાં રજસ્વલા સ્ત્રીના પ્રવેશ પર નિષેધ છે, કારણકે રજસ્વલા સ્ત્રીની દૃષ્ટિ અને સ્પર્શથી દારૂ બગડી જાય છે. કેફી પદાર્થ જો બગડી જાય તો માનવીની શું હાલત થાય તે વિચારી જુઓ.

(૨) ફ્રાન્સમાં ખાંડની ફેક્ટરીમાં રજસ્વલાને પ્રવેશ કરવાની મનાઈ છે, કારણકે રજસ્વલા સ્ત્રીની છાયા માત્રથી ખાંડ કાળી પડી જાય છે.

(૩) દક્ષિણ ફ્રાન્સમાં રેશમની ફેક્ટરીમાં રજસ્વલાની છાયાથી રેશમની મુલાયમતા ઓછી થઈ જાય છે અને અત્તરની ફેક્ટરીમાં પણ પ્રવેશ કરવાથી અત્તરની સુગંધ ઓછી થઈ જાય છે.

(૪) લેબેનોન દેશમાં ખેતીકાર્યમાં રજસ્વલા સ્ત્રીઓને જવાની મનાઈ છે, કારણકે રજસ્વલા સ્ત્રીની છાયાથી ખેતરનો પાક સૂકાઈ જાય છે તથા વૃક્ષ-ફળ-ફૂલ વગેરે કરમાઈ જાય છે.

(૫) આપણા દેશમાં પણ રજસ્વલા સ્ત્રીની દૃષ્ટિથી પાપડ, અથાણું જેવી ખાદ્ય વસ્તુઓ કાળી પડી જવાના / બગડી જવાના પ્રસંગો પણ અવારનવાર સાંભળવા મળે છે.

(૬) **જૈન ધર્મ** પણ રજસ્વલા સ્ત્રીને દેરાસરમાં જવાની, ધાર્મિક ગ્રંથોના સ્પર્શ-વાચનની તથા જપ-ઉપવાસની મનાઈ કરે છે.

(૭) **યહૂદી ધર્મ** રજસ્વલા સ્ત્રીને પાણી,અનાજ, વસ્ત્ર, દ્રવ્ય તથા અન્ય કોઈ સ્ત્રી-પુરુષનો સ્પર્શ કરવાનો નિષેધ કરે છે.

(૮) **ખ્રિસ્ત્રી ધર્મ** પણ રજસ્વલા સ્ત્રીને કોઈપણ પદાર્થ કે વ્યક્તિનો સ્પર્શ કરવાની મનાઈ કરે છે. રજસ્વલાનો સ્પર્શ કરનાર વ્યક્તિને સૂર્યાસ્ત સુધી અશુદ્ધ ગણે છે. રજસ્વલા સ્ત્રીના સ્પર્શવાળી કોઈપણ ચીજ-વસ્તુ વાપરવાનો નિષેધ કરે છે.

(૯) **પારસી ધર્મ** રજસ્વલા સ્ત્રીને પોતાના ધાર્મિક સ્થાન અગિયારીમાં પ્રવેશ કરવાનો નિષેધ ફરમાવે છે. પવિત્ર ગ્રંથો, અગ્નિ અને કોઈપણ સ્ત્રી-પુરુષના સ્પર્શની મનાઈ કરે છે.

(૧૦) **વૈદિક (હિન્દુ) ધર્મ** પણ રજસ્વલા સ્ત્રીને નિત્યના લૌકિક અને અલૌકિક કાર્યોનો ત્યાગ કરવાની આજ્ઞા કરે છે. પોતાના દેહનો શણગાર, હાસ્ય-મશ્કરી કરવી, અન્ય કોઈનો સ્પર્શ કરવો, જાહેર સ્થળોમાં ફરવું, ઉત્સવોમાં ભાગ લેવો, દેવાલય કે મંદિરમાં પ્રવેશ, ધર્મગ્રંથોનો સ્પર્શ-વાચન, પલંગ પર શયન, જળ તથા ખાદ્ય વસ્તુઓનો સ્પર્શ, પુરુષસંગ વગેરેનો સંપૂર્ણ નિષેધ કરે છે.

(૧૧) **ઈસ્લામ ધર્મ**માં પણ રજસ્વલા મુસ્લિમ સ્ત્રીને નમાઝ પઢવા ઉપર સખ્ત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આમ જગતના વિવિધ ધર્મો-જાતિઓ-દેશોમાં રજસ્વલા ધર્મનું વિવિધ પ્રકારે પાલન થાય છે જ.

અમેરિકાની સુપ્રસિધ્ધ હોપકીન્સ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ પ્રયોગસિધ્ધ સત્ય પ્રસ્તુત કર્યું છે કે રજોદર્શનના દિવસોમાં સ્ત્રીના શરીરમાં ‘મીનો ટોક્સીન’ નામનું ઝેર ઉત્પન્ન થાય છે. પરિણામ સ્વરૂપે **રજસ્વલા સ્ત્રીનો સ્પર્શ કરતાં, તેની બનાવેલી રસોઈ જમતાં, તેણે ઉપયોગમાં લીધેલ વસ્તુઓ-ખાદ્ય ચીજો વાપરતાં-આ સમગ્ર ઝેર સ્પર્શ કરનારના શરીરમાં પ્રવેશ કરે છે. અને ભયંકર અસર ઉપજાવી અસાધ્ય રોગો પેદા કરે છે.** આ પ્રકારે આધુનિક વિજ્ઞાને પણ ઋતુધર્મનું પાલન કરવાની આવશ્યકતા સિધ્ધ કરી બતાવી છે.

રજસ્વલા બહેનો કંઈક વિચારશે ?

(૧) રજસ્વલા દિવસો દરમિયાન કોઈનો પણ સ્પર્શ કર્યા વિના ઘરમાં અલગ જ બેસવું.

(૨) મંદિર-દેવાલય કે અન્ય કોઈ ધાર્મિક સ્થળે જવું નહિ.

(૩) કોઈપણ ધર્મગ્રંથોનો સ્પર્શ કરવો નહિ, સ્વયં વાંચવા પણ નહિ તથા ધાર્મિક-ચર્ચા પણ કરવી નહિ.

(૪) શ્રીગુરુદેવ સન્મુખ જવું નહિ અને સંપૂર્ણ શુદ્ધિ થયા વિના ભૂલથી ચરણસ્પર્શ પણ કરવા નહિ.

(૫) દેવપૂજન-હોમ-વ્રત-ધૂપ-દીવો-વગેરે કાર્યો પણ કરવા નહિ.

(૬) રજોદર્શન દરમિયાન રસોઈ કરી દેહસંબંધીઓને જમાડવા નહિ તથા અતિથિને જળ-ભોજન વગેરે આપવું નહિ.

(૭) કોઈપણ ખાદ્ય ચીજ દળવી નહિ, ખાંડવી નહિ તથા વાટવી નહિ.

(૮) લીલા શાકભાજી સમારવા નહિ.

(૯) ગાય-ભેંસ દોહવા નહિ. તથા ગોસેવા કરવી નહિ.

(૧૦) પવિત્ર નદીઓ, જળાશયો કે કુંડમાં સ્નાન કરવું નહિ.

(૧૧) તાંબૂલ ભક્ષણ, કેફી પદાર્થોનું સેવન વગેરેથી દૂર રહેવું. માત્ર સાત્ત્વિક આહાર જ લેવો.

(૧૨) દેહનો શણગાર કરવો નહિ. ટી.વી. સિનેમા વગેરે દુઃષણોથી દૂર રહેવું.

(૧૩) ધર્મયાત્રા, પ્રવાસો, જાહેર ઉત્સવો, લગ્ન પ્રસંગો વગેરેમાં જવું નહિ. બસ-ટ્રેન-વિમાનની મુસાફરી કરવી નહિ.

(૧૪) સામૂહિક ભોજન પ્રસંગોમાં સૌની સાથે જમવું નહિ.

(૧૫) કોઈની પણ સાથે હાસ્ય-મશ્કરી-અપશબ્દોનું ઉચ્ચારણ વગેરે કરવું નહિ. કોઈની પણ સાથે વૈચારિક ઘર્ષણ, વાક્યુધ્ધ-લડાઈ-કલેશ કરવો નહિ.

(૧૬) મોટેથી ગીત-ભજનો વગેરે ગાવા નહિ.

(૧૭) પરપુરુષ સાથે એકાંતમાં વાર્તાલાપ કરવો નહિ.

(૧૮) હિંડોળે/હીંચકામાં હીંચવું નહિ તથા બાળકો સાથે રમતો રમવી નહિ.

(૧૯) પોતાના જળપાત્ર-ભોજનપાત્રો અલગ રાખવા.

(૨૦) પલંગ/સોફા ઉપર બેસવું નહિ-સૂવું નહિ પરંતુ ભૂમિશયન કરવું.

મુખ્ય સંદર્ભ ગ્રંથ : શ્રી નિર્ભયરામ ભટ્ટ કૃત 'આશૌચ નિર્ણય'
(સંસ્કૃત-હિન્દી) પ્રઃ વિદ્યાવિભાગ, નાથદ્વારા

પૂરક સાહિત્ય : (૧) આશૌચ દર્પણ. લે : ગો. વા. પ્રેમલાલ મેવચા
(૨) સેવા સર્વસ્વ. લે. : ગો. વા. નરોત્તમ પુરાણી
(૩) મનુ સ્મૃતિ. અનુ : હરેન્દ્ર શુક્લ
(૪) પુષ્ટિ પુલિન. લે : નવનીતપ્રિય શાસ્ત્રી
(૫) ગીતા - ઉપનિષદો. પ્ર : ગીતાપ્રેસ, ગોરખપુર

શ્રીવલ્લભ સેવા-પ્રચાર કેન્દ્ર-પાટણના પ્રકાશનોની યાદી

૧.	નેહકારન શ્રીયમુને પ્રથમ આઈ (શ્રીયમુનાજીના સ્વરૂપ-માહાત્મ્ય-૧૦૮ પદ અર્થસહિત)	૨૫-00
૨.	શ્રીયમુના નિત્ય સ્મરણ (શ્રીયમુનાજીના ૧૦૮ પદ-નવાખ્યાન-ધોળ-આરતી)	૨0-00
૩.	શ્રીયમુના સંપુટીપાઠ-૧૦૮ નામ તથા જપપાઠ-શ્રીયમુના કવચ અર્થ સહિત	૬-00
૪.	કીર્તન સુધા [મંગળાથી સેન સુધીના કીર્તનો અર્થ સાથે અને વર્ષોત્સવકે પદ-વધાઈઓ, નવવિલાસ-હોરીકે રસિયા-બ્યાહ કે પદ વગેરે]	૧૫-00
૫.	બાળકોના શ્રીવલ્લભાચાર્યજી અને તેમના વંશજો [Eng. Book]*	———
૬.	નિત્યનિયમના સ્તોત્રપાઠ-૪૧ પદ-ધોળ-આરતી સાથે ૧૪૨ બેઠકજી	૧૨-00
૭.	શ્રીસુબોધિનીજી ગ્રંથસાર*	———
૮.	શ્રીનાથજીની ભાવ ભાવના	૧૨-00
૯.	શ્રીવલ્લભ ગીતા-ષોડશ ગ્રંથો (પદચ્છેદ-શબ્દાર્થ-ભાવાર્થ સહિત)	૪0-00
૧૦.	શ્રીમહાપ્રભુજી અને સેવામાર્ગ* (શ્રીમહાપ્રભુજીના ચરણચિહ્નો, શ્રીમહાપ્રભુજીમાં ચોવીસ અવતારોની તથા પુષ્ટિ વ્રત જયંતિની ભાવના સહિત)	———
૧૧.	પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય (પવિત્રા બારસ) (સિદ્ધાંત રહસ્ય-મધુરાષ્ટક તથા શ્રીકૃષ્ણ નામ-અષ્ટાક્ષર મંત્ર મહિમા સાથે)	૧૫-00
૧૨.	શ્રીગિરિરાજ ગાથા (શ્રીગિરિરાજજી-પ્રાગટ્ય, પરિક્રમા, નામાવલિ સહિત)	૧૫-00
૧૩.	શ્રી પુષ્ટિપુરુષોત્તમ સ્તવન (પુષ્ટિમાર્ગીય સ્તોત્રોનો સરળ અનુવાદ)	૧૨-00
૧૪.	શ્રીવલ્લભ સાખી (સરળ અનુવાદ-ભાવાર્થ)	૬-00
૧૫.	શ્રીહરિરાયજી કૃત બડે શિક્ષાપત્ર આધારિત 'શિક્ષાપત્ર ગ્રંથસાર'	૧૫-00
૧૬.	શ્રીગોકુલેશપ્રભુના ચોવીસ વચનામૃતો (સરળ ગુજરાતીમાં)	૧૨-00
૧૭.	૨૫૨ વૈષ્ણવ વાર્તા ગ્રંથસાર	૬-00
૧૮.	શ્રીમદ્ ભગવદ્ગીતા ગ્રંથસાર અંતર્ગત "શ્રીકૃષ્ણ સુધા-રસાસ્વાદ"*	———
૧૯.	શ્રીયમુના માહાત્મ્ય (શ્રીયમુના પંચાંગ-શ્રીયમુના સહસ્ર નામ)*	૧૫-00
૨૦.	પુષ્ટિ સ્વરૂપ વંદન (શ્રીમહાપ્રભુજી અને અલૌકિક અગ્નિકુળ)*	———
૨૧.	પુષ્ટિ જીવન દર્પણ (પુષ્ટિ સિદ્ધાંતોની સરળ-સમજ)	૬-00
૨૨.	આશૌચ દર્પણ (સૂતક નિર્ણય)	૧૨-00
૨૩.	પુષ્ટિ આચાર દર્શન (વૈષ્ણવ કર્તવ્યની સરળ સમજ)	૧0-00
૨૪.	શ્રીનાથજી ગુણાનુવાદ (શ્રીનાથજીના પ્રાચીન ધોળ-પદ-આરતી સહિત)	૧0-00
૨૫.	આપણા ચોરાસી ભગવદીયો (૮૪ વૈષ્ણવ વાર્તા સંક્ષિપ્ત રૂપે)*	———
૨૬.	શ્રીમહાપ્રભુજીની નિજવાર્તા અને ઘરૂવાર્તા	૨0-00
૨૭.	ભાવ સિંધુ	૫0-00
૨૮.	વસંત હોરીની ભાવના (વસંત અષ્ટપદી અર્થ સાથે)	૧૫-00
૨૯.	હોરી કે રસિયા (૧૨૦ પદો)	૧૫-00
૩૦.	કલેશ કુઠાર (મૂળ પાઠ સહિત સરળ ગુજરાતી અનુવાદ)	૨0-00

₹ ૨000/- ભેટ આપી ભગવદ્ સ્મરણ/જયશ્રી કૃષ્ણ લખાવો અને પુસ્તકોનો સેટ ભેટ મેળવો.

રકમ 'જિતેન્દ્ર રમણીકલાલ પરીખ'ના નામે-સરનામે મોકલવા વિનંતી.

= પ્રાપ્ય પુસ્તકોના સેટની ન્યો. ₹ ૬00-00 = વી. પી. કરતા નથી.

રજી. પોસ્ટથી મંગાવવા ₹ ૨0-00 વધુ મોકલવા. પૂછપરછ માટે જવાબી ટપાલ લખવી.

= સંસ્થાના પ્રકાશનોની નકલ કરવી નહી, જરૂર પડે સંપર્ક કરવા વિનંતી =

નોંધ :- (———) *પુસ્તકોની નહિવત માંગણી હોવાથી પુનઃ છપાવેલ નથી.

શ્રીવલ્લભ સેવા પ્રચાર કેન્દ્ર પ્રકાશનો માટે સંપર્ક કરો.

૧. શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તક વિતરણ કેન્દ્ર
શ્રી વલ્લભ સાંનિધ્ય ધામ, મોટી હવેલી, **જૂનાગઢ** - ૩૬૨ ૦૦૧.

૨. યોગેશભાઈ - શ્રી વલ્લભ શૃંગાર સેન્ટર, ભાગા તળાવ,
લાલગર બાવાના મઢ પાસે, શ્રીછબીલાજીની હવેલી પાસે, **ભાવનગર** (સૌરાષ્ટ્ર).

૩. રૂપેશભાઈ અમલાણી - બજાજ શો રૂમ પાછળ, જી.આઈ.ડી.સી. રોડ,
નરસંગ ટેકરી, **પોરબંદર** (સૌરાષ્ટ્ર) - ૩૬૦ ૫૭૫.

૪. કનુભાઈ એ. તલાટી
'શ્રીનાથજીકુંજ' સર્વોદયનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ મકાન નં. ૨૩૬,
સેક્ટર-૩૦, સે.-૨૧/૩૦ના બસ સ્ટેન્ડ પાસે, **ગાંધીનગર**-૩૮૨ ૦૩૦.

૫. શ્રી બાલકૃષ્ણલાલજી પુસ્તક ભંડાર
દરબારગઢ, હવેલી પટાંગણ, **રાજકોટ** - ૩૬૦ ૦૦૧.

૬. જમનાદાસ ધરમશીભાઈ
શ્રીનાથજી ભંડાર, હવેલી ગલી, **જુનાગઢ** - ૩૬૨ ૦૦૧.

૭. ભૂપતભાઈ જી. ઉકાણી - 'શ્રીનાથજી કૃપા' રામવાડી બ્લોક નં. ૩,
સરકારી ગેસ્ટ હાઉસ સામે, **ઉપલેટા** - ૩૬૦ ૪૯૦.

૮. મહેશભાઈ પાનેરી - શ્રી મહાપ્રભુજીની બેઠક, મોદી મહોલ્લા પાસે,
અશ્વિનીકુમાર રોડ, **સુરત** - ૩૯૫ ૦૦૮.

૯. આ. રા. પુ. વૈષ્ણવ - પરિષદ - મુંબઈ શાખા
હલાઈ લોહાણા નિવાસ, બિલ્ડીંગ નં. ૧૫-E, રઘુવંશી હોલની ઉપર,
પહેલે માળ - શંકર લેન, ચીરા બજાર, **મુંબઈ** - ૪૦૦ ૦૦૨.

૧૦. સુરેન્દ્રભાઈ જમનાદાસ શાહ - E-૫૦૩/૫૦૪, પુષ્પ હેરીટેજ, ગોખલે રોડ,
મહાવીરનગર પાસે, દહાણુકરવાડી, કાંદીવલી (W), **મુંબઈ** - ૪૦૦ ૦૬૭.

૧૧. દિલીપભાઈ એ. પારેખ - કલોવર રીજન્સી, બ્લોક નં. ૨૧૩૪/૩૫, બી-વીંગ,
૧૩મે માળે, રામજી આશર લેન, બ્રાહ્મણ સમાજ સામે, મહાત્મા ગાંધી રોડ,
ઘાટોકપર (ઈસ્ટ) **મુંબઈ**-૪૦૦ ૦૭૭.

૧૨. પાદરીયા બિહારીલાલ નાથાલાલ
વિશાવગા, જૂના પોલિસ સ્ટેશન પાસે, **રાજપીપળા**, જી. નર્મદા.